Friday
03.04.2026
*Volume :10 *Issue No.266
*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત

કમલમ્

KAMALAM

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક Daily

વંદે માતરમ્

RNI No.:GUJGUJ/2016/73451

*Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs. 90/-

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ ‘કર્મયોગી સાધના સપ્તાહ’ ને સંબોધિત કર્યું

આજે આપણે જે શાસનનો મૂળભૂત સિદ્ધાંત અપનાવી રહ્યા છીએ તે ‘નાગરિક દેવો ભવ’ છે, જેનો મુખ્ય ઉદ્દેશ્ય જાહેર સેવાઓને વધુ કાર્યક્ષમ અને નાગરિકો પ્રત્યે વધુ પ્રતિભાવશીલ બનાવવાનો છે: પ્રધાનમંત્રી

- આજનું ભારત આકાંક્ષાઓથી ભરેલું છે; દરેક નાગરિકના પોતાના સપના અને ધ્યેયો છે અને તે સપનાઓને પૂર્ણ કરવામાં દરેક શક્ય સહાય પૂરી પાડવાની આપણી જવાબદારી છે.
- દરેક નિર્ણય લેતા પહેલા, જ્યારે આપણે વિચારીએ છીએ કે આપણી ફરજ આપણા માટે શું જરૂરી છે, ત્યારે આપણા નિર્ણયોની અસર આપમેળે અનેકગણી વધી જાય છે.
- આપણે આપણા વર્તમાન પ્રયાસોને ભવિષ્યના વ્યાપક પરિપ્રેક્ષ્યમાં જોવું જોઈએ - એક નિર્ણય ઘણા નાગરિકોના જીવનમાં કેવી રીતે પરિવર્તન લાવી શકે છે અને આપણું વ્યક્તિગત પરિવર્તન સંસ્થાકીય પરિવર્તનનો માર્ગ કેવી રીતે મોકળો કરી શકે છે.
- એક સારો પ્રશાસક અને સારો જાહેર સેવક તે હશે જેની પાસે ટેક્નોલોજી અને ડેટાની ઊંડી સમજ હશે; આ સમજ નિર્ણય લેવાની પ્રક્રિયાનો મુખ્ય ભાગ બનશે.
- આપણે અલગ-થલગ કામ કરવાની વૃત્તિને તોડીને વધુ સંકલન, સહિયારી સમજણ અને સંપૂર્ણ સરકારના અભિગમ સાથે આગળ વધવું જોઈએ; ત્યારે જ આપણું દરેક મિશન સફળ થશે.

કમલમ્,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ ક્ષમતા નિર્માણ આયોગ (CBC) ના સ્થાપના દિવસ નિમિત્તે એક વિડિયો સંદેશના માધ્યમથી ‘કર્મયોગી સાધના સપ્તાહ’ ને સંબોધિત કર્યો. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ એક વિડિયો સંદેશ દ્વારા ‘કર્મયોગી સાધના સપ્તાહ’ને સંબોધિત કર્યા અનેતમામસહભાગીઓનેશુભેચ્છાઓ પાઠવી હતી. આ કાર્યક્રમ ક્ષમતા નિર્માણ આયોગ (CBC) ના સ્થાપના દિવસ નિમિત્તે આયોજિત કરવામાં આવ્યો છે. ઝડપથી બદલાતી દુનિયા સાથે તાલમેલ રાખવામાટેજાહેર સેવાની જરૂરિયાત પર ભાર મૂકતા, પ્રધાનમંત્રીએ ભાર મૂક્યો કે ભારત ઝડપથી બદલાતી વૈશ્વિક વ્યવસ્થા વચ્ચે ઝડપી ગતિએ આગળ વધી રહ્યું છે અને તેની શાસન પ્રણાલીને સતત અપડેટ કરવાની જરૂર છે. શ્રી મોદીએ કહ્યું, "૨૧મી સદીમાં પણ આપણી જાહેર સેવા સુસંગત અને જવાબદાર રહે તે સુનિશ્ચિત કરવા માટે કર્મયોગી સાધના સપ્તાહ આ પ્રયાસનો એક મહત્વપૂર્ણ ભાગ છે." આજે શાસનના માર્ગદર્શક દર્શન વિશે વાત કરતા, પ્રધાનમંત્રીએ કહ્યું કે વહીવટને ચલાવતો મૂળ મંત્ર "નાગરિક દેવો ભવ" છે, જેનો અર્થ છે નાગરિકોને સર્વોપરિ ગણવા. તેમણે ભાર મૂક્યો કે જાહેર સેવા હવે વધુ કાર્યક્ષમ અને નાગરિકો પ્રત્યે વધુ પ્રતિભાવશીલ બનાવવા માટે પુનર્ગઠન કરવામાં આવી રહી છે. પ્રધાનમંત્રી મોદીએ કહ્યું, "શાસનને હવે સંપૂર્ણપણે નાગરિક-કેન્દ્રિત બનાવીને એક નવી ઓળખ આપવામાંઆવી રહી છે." કેપેસિટી બિલ્ડિંગ કમિશન (CBC) ના પ્રારંભવિશે બોલતા, પ્રધાનમંત્રીએ કહ્યું કે સ્વતંત્રતા પછી ઘણી સંસ્થાઓ વિવિધ કાર્યો પર કામ કરી રહી છે, પરંતુ દરેક સરકારી કર્મચારીની ક્ષમતાઓ વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરતી સમર્પિત સંસ્થાની સ્પષ્ટ જરૂરિયાત હતી. તેમણે કહ્યું, "આ દ્રષ્ટિકોણથી જ ક્ષમતા નિર્માણ આયોગનો જન્મ થયો હતો, જેનો ઉદ્દેશ્ય સિસ્ટમમાં દરેક ’કર્મયોગી’ને મજબૂત બનાવવાનો હતો." ઝઝ્ઝને તેના સ્થાપના દિવસ પર અભિનંદન આપતા અને iGOT મિશન કર્મયોગીની સફળ ભૂમિકાને સ્વીકારતા, શ્રી મોદીએ વિશ્વાસ વ્યક્ત કર્યો કે આ પ્રયાસો આધુનિક, સક્ષમ, સમર્પિત અને સંવેદનશીલ ’કર્મયોગીઓ’ની એક ટીમ બનાવશે. આ પહેલને ’વિકસિત ભારતના’ મોટા સ્વપ્ન સાથે જોડતા, પ્રધાનમંત્રીએ ’સેવા તીર્થ’ના ઉદ્ઘાટન પ્રસંગે તેમના તાજેતરના ભાષણને યાદ કર્યું અને ઝડપી આર્થિક વિકાસ, આધુનિક માળખાગત સુવિધા, ટેક્નોલોજી અપનાવવા અને વિશાળ,સક્ષમ કાર્યબળની જરૂરિયાતનો પુનરોચ્ચાર કર્યો. સરકારી સંસ્થાઓ અને સરકારી કર્મચારીઓ આ લક્ષ્યોને પ્રાપ્ત કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. શ્રી મોદીએ કહ્યું, "આજનો ભારત મોટી અપેક્ષાઓથી ભરેલો છે; દરેક નાગરિકના પોતાના સપના અને ધ્યેયો હોય છે, અને શક્ય તેટલી વધુ તેમને તે સપનાઓ પ્રાપ્ત કરવામાં મદદ કરવી એ આપણી જવાબદારી છે." નાગરિકો માટે જીવનની સરળતા અને જીવનની ગુણવત્તા સુધારવા માટે શાસન એ સાચું માપદંડ હોવું જોઈએ તેના પર ભાર મૂકતા, પ્રધાનમંત્રીએ સરકારી કર્મચારીઓને દરરોજ કંઈક નવું શીખવા અને સાચા "કર્મયોગી"ની ભાવનાને મૂર્તિમંત કરવાનો આગ્રહ કર્યો હતો. શ્રી મોદીએ કહ્યું, "આપણા શાસને ખાતરી કરવી જોઈએ કે નાગરિકોના જીવનની ગુણવત્તા દિવસેને દિવસે સુધરે; તે જ આપણો સાચો માપદંડ છે." વહીવટી સંસ્કૃતિમાં મૂળભૂત પરિવર્તનની જરૂરિયાત પર ભાર મૂકતા, પ્રધાનમંત્રીએ ધ્યાન દોર્યું કે જૂની વ્યવસ્થામાં, "અધિકારી" બનવા પર ખૂબ ભાર મૂકવામાં આવતો હતો, જ્યારે આજે દેશનું ધ્યાન "ફરજની ભાવના" પર છે. તેમણે યાદ અપાવ્યું કે બંધારણ ફક્ત ફરજોની પરિપૂર્ણતા દ્વારા જ અધિકારો આપે છે. પીએમ મોદીએ કહ્યું, "દરેક નિર્ણય લેતા પહેલા, જ્યારે તમે વિચારો છો કે તમારી ફરજ તમારા માટે શું જરૂરી છે, ત્યારે તમારા નિર્ણયોની અસર આપમેળે અનેકગણી વધી જાય છે." સરકારી કર્મચારીઓને તેમના વર્તમાન કાર્યને ભવિષ્યના વ્યાપક સંદર્ભમાં જોવા વિનંતી કરતા, તેમણે તેમને સતત વિચારવા કહ્યું કે તેમના વ્યક્તિગત નિર્ણયો લાખો લોકોના જીવનને કેવી રીતે બદલી શકે છે અને વ્યક્તિગત પરિવર્તન સંસ્થાકીય પરિવર્તન કેવી રીતે લાવી શકે છે. પોતાના વ્યક્તિગત અનુભવનો ઉલ્લેખ કરતા, પ્રધાનમંત્રીએ કહ્યું કે, “આવા પરિવર્તનકારી કાર્ય માટે અપાર ઊર્જાની જરૂર પડે છે. આ ઊર્જા ફક્ત નિઃસ્વાર્થ સેવાની ભાવનામાંથી જ મેળવી શકાય છે.” ટેક્નોલોજીના અપાર મહત્વ વિશે બોલતા, પ્રધાનમંત્રીએ છેલ્લા અગિયાર વર્ષોમાં સરકારી કામગીરીમાં ટેક્નોલોજીના ઊંડા એકીકરણ તરફ ધ્યાન દોર્યું, જેમાં શાસન, સેવા વિતરણ અને અર્થતંત્રનો સમાવેશ થાય છે. તેમણે કહ્યું કે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI)ના આગમન સાથે, આ ફેરફારો વધુ ઝડપી બનશે. શ્રી મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, "એક સારો પ્રશાસક, એક સારો સરકારી કર્મચારી તે હશે જેની પાસે ટેક્નોલોજી અને ડેટાની સારી સમજ હશે; આ નિર્ણય લેવાનો આધાર બનશે." તેમણે આશા વ્યક્ત કરી હતી કે ’સાધના સપ્તાહ’ દરમિયાન ક્ષમતા નિર્માણ અને છૈંમાં સતત શિક્ષણ એક મુખ્ય ધ્યાન કેન્દ્રિત ક્ષેત્ર હશે. ભારતના સંઘીય માળખાનો ઉલ્લેખ કરતા, પ્રધાનમંત્રીએ ભાર મૂક્યો કે દેશની સફળતા તેના તમામ રાજ્યોની સામૂહિક સફળતા છે. તેમણે કહ્યું કે દાયકાઓ જૂની શ્રેણીઓ - જેમ કે "અગ્રણી રાજ્યો," "પાછળ રહેલા રાજ્યો," અને "બીમારુ રાજ્યો" - હવે ખતમ થઈ રહ્યાં છે અને રાજ્યો વચ્ચેના અંતરને એકસમાન તીવ્રતાના પ્રયાસો દ્વારા દૂર કરવા જોઈએ. પીએમ મોદીએ કહ્યું, "આપણે એકલા કામ કરવાની વૃત્તિને તોડી નાખવી જોઈએ અને વધુ સંકલન, પરસ્પર સમજણ અને "સંપૂર્ણ સરકારી અભિગમ" સાથે આગળ વધવું જોઈએ; તો જ દરેક મિશન સફળ થશે." તેમના સમાપન ભાષણમાં, પ્રધાનમંત્રીએ જાહેર સેવકોને યાદ અપાવ્યું કે સામાન્ય નાગરિક માટે, સ્થાનિક સરકારી કચેરીઓ સમગ્ર સરકારનો ચહેરો છે. તેમણે ભાર મૂક્યો કે અધિકારીઓનું કાર્ય અને વર્તન લોકશાહી અને બંધારણીય સંસ્થાઓમાં જાહેર વિશ્વાસને સીધો આકાર આપે છે. "આપણે જે પણ કરીએ, ગમે તે સ્તરે, આપણે તે વિશ્વાસનું રક્ષણ કરવું જોઈએ; આ આપણા લોકશાહીનો પાયો છે," શ્રી મોદીએ કહ્યું. તેમણે ફરી એકવાર ’ક્ષમતા નિર્માણ આયોગ’ને અભિનંદન આપ્યા અને વિશ્વાસ વ્યક્ત કર્યો કે ’કર્મયોગી સાધના સપ્તાહ’ ભારતની ’વિકસિત ભારત’ બનવાની યાત્રામાં એક મહત્વપૂર્ણ પ્રકરણ સાબિત થશે.

કમલમ્,
હરિયાણાના મુખ્યમંત્રી શ્રી નાયબ સૈની નવી દિલ્હી ખાતે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીને મળ્યા.

કમલમ્,
પશ્ચિમ બંગાળના રાજ્યપાલ શ્રી આર. એન. રવિએ નવી દિલ્હી ખાતે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીને મળ્યા.

છત્તીસગઢ મોડેલે મહિલા સશક્તિકરણને નવી દિશા આપી છે: રક્ષા ખડસે

મહિલાઓના નેતૃત્વ હેઠળના સ્વ-સહાય જૂથો અને બસ્તરની પરંપરાગત આદિવાસી કલાઓ સમાવિષ્ટ વિકાસ અને સાંસ્કૃતિક સંરક્ષણના મુખ્ય પ્રેરક તરીકે ઉભરી આવી છે

કમલમ્,

કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત રાજ્યમંત્રી શ્રીમતી રક્ષા ખડસેએ આજે જગદલપુરમાં છત્તીસગઢ કલા બ્રાન્ડ હેઠળ પ્રગતિ મહિલા સ્વ-સહાય જૂથોના ગ્રોથ સેન્ટર અને સ્ટોલની મુલાકાત લીધી, જ્યાં તેમણે વિવિધ સ્થાનિક ઉત્પાદનો નિહાળ્યા અને સ્વ-સહાય જૂથો સાથે સંકળાયેલી મહિલા ઉદ્યોગસાહસિકો સાથે વાતચીત કરી હતી. આ મુલાકાતમાં છત્તીસગઢમાં મહિલા આર્થિક સશક્તિકરણ અને સમુદાય-આગેવાની હેઠળના વિકાસ તરફ થઈ રહેલી નોંધપાત્ર પ્રગતિ પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો. શ્રીમતી ખડસેએ જણાવ્યું હતું કે સ્વ-સહાય જૂથો મહિલાઓને નાણાકીય રીતે સશક્ત બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યા છે અને ગ્રામીણ વિસ્તારોમાં સામાજિક પરિવર્તન માટે ઉત્પ્રેરક તરીકે પણ ઉભરી રહ્યા છે. રાજ્યની મહિલા-કેન્દ્રિત પહેલનો ઉલ્લેખ કરતા, તેમણે કહ્યું કે મહતારી વંદન યોજના જેવી યોજનાઓ મહિલાઓને આવશ્યક નાણાકીય સહાય પૂરી પાડી રહી છે, જ્યારે ઈ-કોમર્સ પ્લેટફોર્મ દ્વારા ઉત્પાદનોનું વેચાણ, ખાવા માટે તૈયાર ખોરાકના ઉત્પાદનો વિકસાવવા અને લખપતિ દીદી યોજના જેવી અન્ય પહેલો સતત આજીવિકાની તકો ઊભી કરી રહી છે અને બજારની પહોંચનો વિસ્તાર કરી રહી છે. મંત્રીએ ભાર મૂક્યો કે આ પહેલો માત્ર આવક સર્જનમાં જ નહીં પરંતુ પોષણ સુરક્ષા, રોજગાર સર્જન અને ગ્રામીણ અર્થતંત્રને મજબૂત બનાવવામાં પણ ફાળો આપી રહી છે. તેમણે આ ચાલુ પ્રયાસોને ‘મહિલા શક્તિ’ના નેતૃત્વ હેઠળ ‘આત્મનિર્ભર ભારત’ બનાવવા તરફ એક મજબૂત પગલું ગણાવ્યું. બસ્તર જિલ્લાના ચિલકુટી ગામની તેમની મુલાકાત દરમિયાન શ્રીમતી ખડસેએ પ્રદેશની સમૃદ્ધ કલાત્મક પરંપરાઓ અને સાંસ્કૃતિક વારસાની પણ શોધખોળ કરી.

મુલાકાતની એક ખાસ વાત એ હતી કે તેમણે પરંપરાગત ’લોસ્ટ વેક્સ’ તકનીક (ઢોકરા હસ્તકલા)નું નજીકથી નિરીક્ષણ કર્યું; આદિવાસી ધાતુ કલાનું એક પ્રતિષ્ઠિત સ્વરૂપ જે બસ્તરના કારીગર સમુદાયોની અનન્ય ઓળખ અને કારીગરીને પ્રતિબિંબિત કરે છે. આવી પરંપરાઓને સાચવવાના મહત્વ પર ભાર મૂકતા, તેમણે કહ્યું કે આ હસ્તકલા ફક્ત એક કલાત્મક પ્રથા કરતાં વધુ છે; તે એક જીવંત સાંસ્કૃતિક સ્મૃતિ અને સ્થાનિક આદિવાસી કારીગરોના કાયમી વારસાનું પ્રતીક છે.

આ મુલાકાતે સાંસ્કૃતિક સંરક્ષણ અને આજીવિકા સર્જન વચ્ચેના ઊંડા જોડાણ પર પણ ભાર મૂક્યો, જેમાં પરંપરાગત હસ્તકલા સ્થાનિક સમુદાયોને ટકાઉ આર્થિક તકો પૂરી પાડતી રહે છે. શ્રીમતી ખડસેએ આ કાર્યક્રમ દરમિયાન મહિલા ઉદ્યોગસાહસિકો અને કારીગરો સાથે વાતચીત કરી, તેમના યોગદાનની પ્રશંસા કરી અને તેમને તેમની પહેલનો વિસ્તાર કરવાનું ચાલુ રાખવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. આ પ્રસંગે જિલ્લા કલેક્ટર શ્રી આકાશ છિકારા (IAS), પોલીસ અધિક્ષક શ્રી શલભ સિંહા (IPS); જિલ્લા પંચાયતના મુખ્ય કાર્યકારી અધિકારી શ્રી પ્રતીક જૈન (IAS); અને બસ્તરના SDM શ્રી ગગન શર્મા હાજર રહ્યા હતા. મહિલાઓના નેતૃત્વ હેઠળના સ્વ-સહાય જૂથો અને પરંપરાગત આદિવાસી હસ્તકલા દ્વારા છત્તીસગઢમાં થઈ રહેલું પરિવર્તન મહિલા સશક્તિકરણ, ગ્રામીણ વિકાસ અને સમાવિષ્ટ આર્થિક વિકાસના એક શક્તિશાળી મોડેલ તરીકે ઉભરી રહ્યું છે.

ઉપરાષ્ટ્રપતિએ સાંસદ શ્રીમતી સુધા મૂર્તિ દ્વારા લખાયેલ પુસ્તક ‘ટાઈડ્સ ઓફ ટાઈમ: ભારત’સ હિસ્ટ્રી થ્રુ મ્યુરલ્સ ઇન પાલર્મિન્ટ’નું વિમોચન કર્યું

ઉપરાષ્ટ્રપતિએ સંસદીય ભીંતચિત્રોની શાશ્વત સુંદરતા અને ગહન પ્રતીકવાદને કંડારવા બદલ શ્રીમતી સુધા મૂર્તિની પ્રશંસા કરી

ઉપરાષ્ટ્રપતિ કહ્યું કે સંવિધાન સદનના ભીંતચિત્રો માત્ર કલાના નમૂના નથી પરંતુ ભારતની સભ્યતાની સફરને પ્રતિબિંબિત કરતા દ્રશ્ય કથાઓ છે

ઉપરાષ્ટ્રપતિએ ભારતને "લોકશાહીની જનની" ગણાવ્યું, જે ભારતની સતત, સર્વસમાવેશક અને ઊંડે સુધી જડાયેલી લોકશાહી પરંપરાઓને પ્રકાશિત કરે છે

કમલમ્,

ભારતના ઉપરાષ્ટ્રપતિ અને રાજ્યસભાના અધ્યક્ષ શ્રી સી.પી. રાધાકૃષ્ણન દ્વારા નવી દિલ્હીના સંવિધાન સદન ખાતે રાજ્યસભાના સંસદ સભ્ય શ્રીમતી સુધા મૂર્તિ દ્વારા લખાયેલ, લોકસભા સચિવાલય પ્રકાશન, ‘ટાઈડ્સ ઓફ ટાઈમ: ભારત’સ હિસ્ટ્રી થ્રુ મ્યુરલ્સ ઇન પાર્લામેન્ટ’ પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું. સભાને સંબોધતા ઉપરાષ્ટ્રપતિએ આ પ્રસંગે પોતાનો આનંદ વ્યક્ત કર્યો અને શ્રીમતી સુધા મૂર્તિની "સંસદીય ભીંતચિત્રોની શાશ્વત સુંદરતા અને ગહનપ્રતીકવાદ" ને કંડારવા બદલ તેમજ ઈતિહાસને પેઢીઓ સુધી લોકોની નજીક લાવવાના તેમના પ્રયત્નો માટે પ્રશંસા કરી. તેમણે નોંધ્યું કે સંવિધાન સદનના ભીંતચિત્રો માત્ર કલાના નમૂના નથી પરંતુ ભારતની સભ્યતાની સફરને પ્રતિબિંબિત કરતી દ્રશ્ય કથાઓ છે. તેમણે એ વાત પર ભાર મૂક્યો કે ઉત્તરમાં વૈશાલીથી લઈને દક્ષિણમાં કુડાવોલાઈ પ્રણાલી સુધી, ભારતમાં લોકશાહી પ્રથાઓ સતત, સમાવિષ્ટ અને સમાજમાં ઊંડાણપૂર્વક મૂળ ધરાવે છે. તેમણે કહ્યું કે, આ પરંપરાઓ એક વ્યાપક સભ્યતાવાદી નીતિનો ભાગ છે જે સંવાદ, સર્વસંમતિ અને વિવિધ મંતવ્યો માટે આદરને મહત્વ આપે છે, જે ભારતને "લોકશાહીની જનની" બનાવે છે. મહાન તમિલ કવિ સુબ્રમણ્યમ ભારતીને ટાંકતા, ઉપરાષ્ટ્રપતિએ ભારતની બુદ્ધિ, ગૌરવ, પરોપકાર અને સાંસ્કૃતિક ઊંડાણની સમૃદ્ધિને રેખાંકિત કરી હતી અને નોંધ્યું હતું કે આવો પાયો સ્વાભાવિક રીતે જ સર્વસમાવેશકતા અને તમામ અવાજો માટે આદર કેળવે છે. તેમણે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં સંસદ ભવનમાં પરંપરાગત પ્રતીકોના એકીકરણની પ્રશંસા કરી હતી. તેમણે સંસદના સંયુક્ત સત્રમાં રાષ્ટ્રપતિના સંબોધન દરમિયાન ચોલ વંશના પવિત્ર સેંગોલના ઔપચારિક પ્રદર્શનનો પણ ઉલ્લેખ કર્યો હતો અને તેને આધુનિક ભારતને તેના સભ્યતાના મૂળ સાથે જોડતા શક્તિશાળી પ્રતીક તરીકે વર્ણવ્યું હતું. ઉપરાષ્ટ્રપતિએ કહ્યું કે સંસદ જીવંત લોકશાહી, સંવાદ, ચર્ચા, અસંમતિ અને વિચાર-વિમર્શના મુખ્ય સિદ્ધાંતોનું પ્રતિનિધિત્વ કરે છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે જ્યારે વિચાર-વિમર્શ, ચર્ચા અને અસંમતિ મહત્વપૂર્ણ છે, ત્યારે તેઓએ આખરે રાષ્ટ્રીય હિતમાં રચનાત્મક નિર્ણય લેવામાં યોગદાન આપવું જોઈએ. આ પુસ્તકને ભારતની સભ્યતાની સફર માટે એક નોંધપાત્ર શ્રદ્ધાંજલિ ગણાવતા, ઉપરાષ્ટ્રપતિએ નોંધ્યું હતું કે તે ૧૨૪ ભીંતચિત્ર પેનલ્સના વર્ણન દ્વારા ઈતિહાસને જીવંત બનાવે છે. તેમણે હાઈલાઈટ કર્યું કે પુસ્તક સિંધુ ખીણની સભ્યતાથી લઈને મહર્ષિ વાલ્મિકી અને ચાણક્ય જેવા મહાન વિચારકોની બુદ્ધિ અને મહાવીર તથા ગૌતમ બુદ્ધના આધ્યાત્મિક ઉપદેશો સુધી ફેલાયેલું છે. તેમણે ઉમેર્યું કે તે ભારતની પ્રારંભિક લોકશાહી પરંપરાઓ, અશોક અને છત્રપતિ શિવાજી મહારાજ જેવા શાસકોની સિદ્ધિઓ અને કોણાર્ક સૂર્ય મંદિર જેવા સ્મારકો તથા ભક્તિ આંદોલન જેવા આંદોલનોમાં પ્રતિબિંબિત થતી સાંસ્કૃતિક સમૃદ્ધિને પણ પ્રકાશિત કરે છે. તેમણે વધુમાં નોંધ્યું હતું કે આ પુસ્તક દાંડી કૂચ જેવા આંદોલનો અને મહાત્મા ગાંધી તથા સુભાષ ચંદ્ર બોઝ જેવા ચિહ્નોના નેતૃત્વ સહિત ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામને પણ અંજલિ આપે છે. વિકસિત ભારત @ 2047 માટે પ્રધાનમંત્રીના વિઝનનો ઉલ્લેખ કરતા, ઉપરાષ્ટ્રપતિએ "વિકાસ પણ, વિરાસત પણ" ના માર્ગદર્શક સિદ્ધાંતનો પુનરોચ્ચાર કર્યો અને જણાવ્યું કે વિકાસ અને વારસો એકબીજાના પૂરક છે. તેમણે ઉમેર્યું કે સંસદીય ભીંતચિત્રો પ્રગતિને ઓળખ, મૂલ્યો અને સાતત્યમાં લંગર કરીને આ ફિલસૂફીને મૂર્ત બનાવે છે. લેખકની પ્રશંસા કરતા શ્રી સી. પી. રાધાકૃષ્ણને કહ્યું કે શ્રીમતી સુધા મૂર્તિ જાહેર જીવનમાં જ્ઞાન, નમ્રતા અને સામાજિક પ્રતિબદ્ધતાનું દુર્લભ સંયોજન લાવે છે. તેમણે કોર્પોરેટ જગતથી લઈને સામાજિક સેવા અને સંસદ સુધીની તેમની સફર પર પ્રકાશ પાડ્યો હતો અને નોંધ્યું હતું કે તેમનું યોગદાન હંમેશા વ્યાપક જાહેર હિત દ્વારા માર્ગદર્શન પામે છે. તેમણે આ પ્રકાશન બહાર પાડવા માટે લોકસભા સચિવાલયના પ્રયાસોની પણ પ્રશંસા કરી હતી. ફરીથી સુબ્રમણ્યમ ભારતીને ટાંકતા, તેમણે ભારપૂર્વક જણાવ્યું કે ભાષા, પ્રદેશ અને સંસ્કૃતિમાં વિવિધતા હોવા છતાં, ભારત તેના રાષ્ટ્રીય ઉદ્દેશ્યમાં એક રહે છે. તેમણે કહ્યું કે ભારત હંમેશા એક રહ્યું છે અને કાયમ એક રહેશે. નાગરિકોને "રાષ્ટ્ર પ્રથમ"ની ભાવના કેળવવા માટે આહ્વાન કરતા, ઉપરાષ્ટ્રપતિએ દરેકને પ્રતિબદ્ધતા, પ્રામાણિકતા અને ગૌરવ સાથે રાષ્ટ્રની સેવામાં સમર્પિત થવા વિનંતી કરી. આ પ્રસંગે લોકસભાના અધ્યક્ષ શ્રી ઓમ બિરલા; કેન્દ્રીય મંત્રીઓ શ્રી જે. પી. નડ્ડા અને શ્રી મનોહર લાલ; રાજ્યસભાના ઉપાધ્યક્ષ શ્રી હરિવંશ; અને રાજ્યસભાના સાંસદ અને પુસ્તકના લેખિકા શ્રીમતી સુધા મૂર્તિ સહિત સંસદ સભ્યો અને લોકસભા તથા રાજ્યસભા સચિવાલયના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

તંત્રી સ્થાનેથી......

કહેવાય છે કે 'પહેલું સુખ તે જાતે નર્યા'. પરંતુ આજના સમયની ભાગદોડભરી જીવનશૈલીમાં 'મેદસ્વીતા' એક એવો છૂપો શત્રુ બનીને આવ્યો છે જે અનેક રોગોનું મૂળ છે. ગુજરાત સરકાર જ્યારે 'મેદસ્વીતા મુક્ત ગુજરાત'નું અભિયાન ચલાવી રહી છે, ત્યારે ઘણા લોકો માટે વજન ઘટાડવાના માર્ગમાં 'થાઈરોઈડ' એક મજબૂત દીવાલ બનીને ઊભો રહે છે. થાઈરોઈડને કારણે ધીમું પડેલું મેટાબોલિઝમ જાણે શરીર પર ચરબીના થર જમાવવાનું મશીન બની જાય છે. પણ ગભરાવાની જરૂર નથી! ડોક્ટરની દવાઓની સાથે જો શિસ્તબદ્ધ આહાર અને મક્કમ મનોબળ જોડાય, તો થાઈરોઈડ હોવા છતાં સુડોળ અને આકર્ષક શરીર મેળવવું બિલકુલ અશક્ય નથી. થાઈરોડની પીડા થી સ્વસ્થ અને સુડોળ શરીર સુધીના પ્રવાસમાં સફળ થવા માટે માત્ર 'ઓછું ખાવું' જરૂરી નથી, પણ 'સાચું ખાવું' અનિવાર્ય છે. વૈજ્ઞાનિક અને પરંપરાગત આહારનો સમન્વય ધરાવતો ડાયેટ પ્લાન તમને આ અભિયાનમાં વિજેતા બનાવી શકે છે.

આદર્શ સાપ્તાહિક આહાર ચાર્ટ

નરણા કોઠે (Drink): દિવસનો સૂર્યોદય એક ગ્લાસ હુંફાળા લીંબુપાણી અથવા આખી રાત પલાળેલા સૂકા ધાણાના ઉકાળેલા પાણીથી કરો. આ અમૃત સમાન પાણી થાઈરોઈડ ગ્રંથિને જગાડે છે અને શરીરમાંથી ઝેરી તત્વોને બહાર કાઢે છે.

સવારનો નાસ્તો (૮:૩૦ - ૯:૩૦): નાસ્તો હંમેશા રાજા જેવો પૌષ્ટિક હોવો જોઈએ. મેંદા અને ખાંડને તિલાંજલિ આપી વેજીટેબલ ઓટ્સ, મગની દાળના પ્રોટીનયુક્ત પુડલા, રાગીના ચીલા અથવા બાફેલા કઠોળનો ઉપયોગ કરો.

બપોરનું ભાણું (૧૨:૩૦ - ૧:૩૦): ગુજરાતી થાળીમાં ઘઉંની રોટલીને બદલે 'જુવાર કે બાજરીના રોટલા'ને સ્થાન આપો. તેની સાથે ભરપૂર લીલા શાકભાજી (દૂધી, ગવાર, ટીંડોળા), એક વાટકી પૌષ્ટિક દાળ, પુષ્કળ કાચું સલાડ અને ઠંડી-મોળી છાશ લો. આ ખોરાક લાંબો સમય સુધી પેટ ભરેલું રાખશે અને ચરબી ઓગાળશે.

સાંજની હળવી ભૂખ (૪:૩૦ -૫:૩૦): ચા-કોફીના બદલે ગ્રીન ટી અથવા હર્બલ ટી પસંદ કરો. સાથે શેકેલા ચણા, મખાના અથવા પપૈયા અને સફરજન જેવા ફળો લેવાથી એનર્જી જળવાઈ રહેશે.

રાત્રિનું હલકું ભોજન (૭:૦૦- ૮:૦૦): રાત્રે જઠરાગ્નિ ધીમી હોય છે, તેથી વહેલું અને હલકું જમવું. મગની દાળની ખીચડી, મિક્સ વેજીટેબલ સૂપ કે દલિયા શ્રેષ્ઠ છે. રાત્રે ૮ વાગ્યા પછી ભોજનનો ત્યાગ કરવો એ જ સુડોળ શરીરની ચાવી છે.

રોગમુક્ત બનવા માટેના સુવર્ણ નિયમો

વર્જ્ય ખોરાકનું લિસ્ટ: થાઈરોઈડના દર્દીઓએ કાચી કોબીજ, ફ્લાવર, બ્રોકોલી અને સોયાબીનથી અંતર રાખવું જોઈએ, કારણ કે તે આયોડિનના શોષણમાં અવરોધ કરે છે.

પરસેવો પાડો, ચરબી ઓગાળો ડાયેટની સાથે દરરોજ ૩૦-૪૦ મિનિટ ઝડપથી ચાલવું ખૂબ જરૂરી છે. સૂર્યનમસ્કાર અને ઉજ્જયી પ્રાણાયામ થાઈરોઈડને કુદરતી રીતે કંટ્રોલ કરવામાં જાદુઈ અસર કરે છે.

દિવસમાં ૩ થી ૪ લિટર પાણી પીવાનું લક્ષ્ય રાખો અને રાત્રે ૭-૮ કલાકની શાંત ઊંઘ લો. તણાવમુક્ત મન વજન ઘટાડવાની પ્રક્રિયાને વેગ આપે છે.

ગુજરાત સરકારનું મેદસ્વીતા મુક્ત અભિયાન એ માત્ર સરકારી કાર્યક્રમ નથી, પણ આપણા સૌના સ્વાસ્થ્ય માટેનું એક જન-આંદોલન છે. જો આપણે આહારમાં આ ફેરફારો લાવીએ અને શિસ્તબદ્ધ જીવન જીવીએ, તો થાઈરોઈડ જેવી સમસ્યાઓ પણ આપણને સુડોળ અને રોગમુક્ત બનતા રોકી શકશે નહીં. આવો, આપણે સૌ સાથે મળીને બનાવીએ એક 'સ્વસ્થ અને મેદસ્વિતા મુક્ત ગુજરાત'.

ગુજરાતના ખેલાડીઓને રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધા માટે તૈયાર કરે છે જિલ્લા કક્ષા સ્પોર્ટ્સ સ્કૂલ (DLSS) યોજના

જિલ્લા કક્ષા સ્પોર્ટ્સ સ્કૂલમાં ખેલાડીઓને વિના મૂલ્યે શિક્ષણ સાથે રમતગમતની સઘન તાલીમ આપવામાં આવે છે, રાજ્ય સરકાર પ્રતિ ખેલાડી વાર્ષિક રૂ.૧.૬૮ લાખનો અંદાજિત ખર્ચ કરે છે

કમલમ્,

શિસ્ત, ખેલદિલી અને ટીમ વર્ક- આ એવા મૂલ્યો છે, જે કોઈ પાઠ્યપુસ્તક નહી, પરંતુ રમતનું મેદાન શીખવે છે. રમતગમત વ્યક્તિના સર્વાંગી વિકાસ માટે અત્યંત આવશ્યક છે એવું દ્રઢપણે માનતા વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી તરીકે જિલ્લા કક્ષા સ્પોર્ટ્સ સ્કૂલ (DLSS) યોજના શરૂ કરી હતી. આજે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ આ યોજના પ્રતિભાશાળી ખેલાડીઓને વિનામૂલ્યે શિક્ષણ સાથે રમતગમતની તાલીમ પૂરી પાડીને તેમની પ્રતિભાને ઘડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહી છે. હાલમાં ગુજરાતમાં ૩૯ જિલ્લા કક્ષા સ્પોર્ટ્સ સ્કૂલ કાર્યરત છે અને અત્યાર સુધીમાં ૧૨,૦૦૦થી વધુ ખેલાડીઓએ આ યોજનાનોનો લાભ મેળવ્યો છે.

રાજ્યના ખેલાડીઓને રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધા માટે તૈયાર કરે છે જિલ્લા કક્ષા સ્પોર્ટ્સ સ્કૂલ

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ હસ્તકની કચેરી સ્પોર્ટ્સ ઓથોરિટી ઑફ ગુજરાત દ્વારા ખેલ પ્રશિક્ષણ અને શાળાકીય શિક્ષણના બેવડા ધ્યેયને પૂર્ણ કરવા માટે વર્ષ ૨૦૧૩-૧૪માં જિલ્લા કક્ષા સ્પોર્ટ્સ સ્કૂલ યોજના શરૂ કરવામાં આવી હતી. ટેલેન્ટ આઈડેન્ટિફિકેશન (પ્રતિભા શોધ)ની પ્રક્રિયા અંતર્ગત ખેલાડીઓની યંગ ટેલેન્ટ અને પ્રુવન ટેલેન્ટ (જે તે રમતમાં સિદ્ધિ પ્રાપ્ત કરેલ) એમ બે કેટેગરીમાં પસંદગી કરવામાં આવે છે. પસંદગી પામેલ ખેલાડીઓને વિનામૂલ્યે શિક્ષણ, પુસ્તકો અને સ્ટેશનરી, નિવાસ, ભોજન, શાળાનો ગણવેશ, સ્પોર્ટ્સ કિટ, સઘન તાલીમ અને સ્ટાઈપેન્ડ જેવા લાભો આપવામાં આવે છે. DLSS યોજના અંતર્ગત ખેલાડીઓને વૈજ્ઞાનિક અભિગમથી તાલીમ આપવામાં આવે છે, જેમાં ફિટનેસ, ટેકનિક, આહાર માર્ગદર્શન, ઈન્જરી પ્રિવેન્શન જેવા પાસાઓ પર વિશેષ ધ્યાન આપવામાં આવે છે. રાજ્યમાંથી રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય સ્તરના ખેલાડીઓ તૈયાર કરવામાં જિલ્લા કક્ષા સ્પોર્ટ્સ સ્કૂલની નોંધનીય ભૂમિકા રહી છે. છેલ્લા ૨ વર્ષ દરમિયાન રાજ્ય કક્ષાએ યોજાયેલ વિવિધ રમતોની સ્પર્ધાઓમાં DLSS શાળાના ખેલાડીઓએ કુલ ૩૪૪૪ મેડલ તથા રાષ્ટ્રીય કક્ષાએ યોજાયેલ સ્પર્ધાઓમાં કુલ ૩૩૫ મેડલ પ્રાપ્ત કર્યા છે. જ્યારે આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓમાં ૪ ખેલાડીઓએ ભાગ લીધો હતો અને ૧ બ્રોન્ઝ મેડલ જીત્યો હતો.

ગુજરાતમાં ૩૯ જિલ્લા કક્ષા સ્પોર્ટ્સ સ્કૂલ કાર્યરત, યોજના હેઠળ વર્ષ ૨૦૨૫-૨૬માં કુલ રૂ.૯૫.૭૫ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો

રાજ્યમાં જિલ્લા કક્ષા સ્પોર્ટ્સ સ્કૂલ યોજના શરૂ થઈ ત્યારથી અત્યાર સુધીમાં ૧૨,૦૦૦ થી વધુ ખેલાડીઓ તેનો લાભ લઈ ચૂક્યા છે. વર્ષ ૨૦૨૫-૨૬ મુજબ, ૨૯ જિલ્લાઓમાં ૩૯ સ્પોર્ટ્સ સ્કૂલ કાર્યરત છે અને ૫૩૦૦ થી વધુ ખેલાડીઓ જુદી-જુદી ૨૧ રમતોમાં તાલીમ મેળવી રહ્યા છે. જિલ્લા કક્ષા સ્પોર્ટ્સ સ્કૂલમાં ખેલાડીઓને નિષ્ણાંત કોચ, ટ્રેનર અને યોગ ટ્રેનર દ્વારા વૈજ્ઞાનિક ઢબે તાલીમ આપવામાં આવે છે તેમજ ખેલાડીઓની ફિટનેસ અને રિકવરી માટે ફિઝિયોથેરાપિસ્ટ પણ ઉપલબ્ધ હોય છે. આ યોજના અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા પ્રતિ ખેલાડી વાર્ષિક રૂ. ૧.૬૮ લાખનો અંદાજિત ખર્ચ કરવામાં આવે છે. વર્ષ ૨૦૨૫-૨૬માં આ યોજના હેઠળ કુલ રૂ. ૯૫.૭૫ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે.

DLSS યોજના મારી કારકિર્દી માટે ટર્નિંગ પોઇન્ટ બની: અર્જુન અવોર્ડી ઇલાવેનિલ વાલરીવન

શૂટિંગની રમતમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરતી અને અર્જુન અવૉર્ડથી સન્માનિત ઈલાવેનિલ વાલરીવન પૂર્વ DLSS ખેલાડી છે. ઈલાવેનિલે અમદાવાદના સાણંદ ખાતે આવેલી લક્ષ્મણ જ્ઞાનપીઠ સ્કૂલમાં તાલીમ મેળવી છે અને આજે રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય મંચ પર ગુજરાતનું નામ રોશન કરી રહી છે. જિલ્લા કક્ષા સ્પોર્ટ્સ સ્કૂલમાં તાલીમ દરમિયાનનો પોતાનો અનુભવ વર્ણવતા ઈલાવેનિલ વાલરીવને જણાવ્યું કે, "મેં વર્ષ ૨૦૧૪થી ૨૦૧૭ દરમિયાન સાણંદની લક્ષ્મણ જ્ઞાનપીઠ સ્કૂલમાં તાલીમ લીધી હતી, જેણે શૂટર તરીકે મારી પ્રતિભા નિખારવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી. અહીં મળેલી આધુનિક સુવિધાઓ, સ્પોર્ટ્સ ઈક્વિપમેન્ટ્સ, નિષ્ણાત કોચિંગ અને શૂટિંગ માટે ઉપલબ્ધ રેન્જ સેટઅપ મને ખૂબ મદદરૂપ બન્યા. જિલ્લા કક્ષા સ્પોર્ટ્સ સ્કૂલ યોજના મારી કારકિર્દી માટે ટર્નિંગ પોઈન્ટ સાબિત થઈ છે." ઉલ્લેખનીય છે કે, ઈલાવેનિલે ૨૦૨૫ની એશિયન ચેમ્પિયનશિપમાં ગોલ્ડ મેડલ, ૨૦૨૫ વર્લ્ડ ચેમ્પિયનશિપમાં બ્રોન્ઝ મેડલ, ૨૦૨૪ના રિયો ડી જાનેરો વર્લ્ડ કપમાં ગોલ્ડ મેડલ તેમજ ૨૦૨૪ની જકાર્તા એશિયન ચેમ્પિયનશિપમાં સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો છે. આ ઉપરાંત, ટોક્યો ઓલિમ્પિક ૨૦૨૦ અને પેરિસ ઓલિમ્પિક ૨૦૨૪માં પણ ભારતનું પ્રતિનિધિત્વ કર્યું છે.

DLSS યોજનાનો લાભ લઈને ડાંગના ઓપીનાબેનને ખો ખો વર્લ્ડ કપ સુધી પહોંચવાની તક મળી

ડાંગ જિલ્લાના બિલીઆંબા ગામના રહેવાસી અને ખો ખો ખેલાડી ઓપીનાબેન દેવજીભાઈ ભિલાર પણ જિલ્લા કક્ષા સ્પોર્ટ્સ સ્કૂલ (DLSS)ના ખેલાડી રહી ચૂક્યા છે. તેમણે ખો ખો વર્લ્ડ કપ ૨૦૨૫ (ભારત)માં ગોલ્ડ મેડલ, ૫૬મી સિનિયર નેશનલ ખો ખો ચેમ્પિયનશિપ ૨૦૨૪ દિલ્હીમાં ગોલ્ડ મેડલ અને પ્રથમ જન્મ જયંતી ખેલ મહોત્સવ ઓડિશા ૨૦૨૩-૨૪માં સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો છે. તેઓ ૫૫મી સિનિયર રાષ્ટ્રીય ખો ખો ચેમ્પિયનશિપ ૨૦૨૩ (મહારાષ્ટ્ર) તથા ગોવામાં આયોજિત ૩૭મી નેશનલ ગેમ્સ ખો ખો ચેમ્પિયનશિપ ૨૦૨૩માં પણ ભાગ લઈ ચૂક્યા છે. ડાંગથી વર્લ્ડ કપ સુધીની સફર ખેડનારા ઓપીનાબેન જણાવે છે કે, "રાજ્ય કક્ષાની ખો-ખો સ્પર્ધામાં ભાગ લીધા બાદ મારા શિક્ષકે મને જિલ્લા કક્ષા સ્પોર્ટ્સ સ્કૂલ (DLSS) યોજનાની માહિતી આપી અને તેમના માર્ગદર્શનથી હું વર્ષ ૨૦૧૪માં DLSSમાં જોડાઈ. અહીં મને નિષ્ણાત કોચ દ્વારા સવાર-સાંજ સઘન તાલીમ પ્રાપ્ત થઈ, જે બાદ મને વર્ષ ૨૦૧૫ અને ૨૦૧૬ દરમિયાન વડોદરાની એથ્લેટિક્સ એકેડમીમાં તાલીમ મેળવવાની તક મળી. રાજ્ય સરકારની DLSS જેવી યોજનાના કારણે જ હું ખો-ખોની રમતમાં આગળ વધી શકી અને વર્લ્ડ કપ સુધી પહોંચવાનો મોકો મળ્યો. આજે હું પંચમહાલ જિલ્લામાં કોચ તરીકે કામ કરીને ઊભરતા ખેલાડીઓને માર્ગદર્શન આપી રહી છું."

સ્પેક કૉમર્સ, બાકરોલમાં "પેરેન્ટ્સ-ટીચર મીટિંગનું" સફળ આયોજન કરાયું.

કમલમ્,

તિરૂપતિ ફાઉન્ડેશન ટ્રસ્ટ સંચાલિત સરદાર પટેલ એજ્યુકેશન કેમ્પસ સ્થિત સરદાર પટેલ કૉલેજ ઓફ કૉમર્સ,બાકરોલમાં આઇ.ક્યુ.એ.સી. સેલ અંતર્ગત 'પેરેન્ટ્સ-ટીચર મીટિંગનું' સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો હેતુ વિદ્યાર્થીઓની શૈક્ષણિક પ્રગતિ અંગે વાલીઓ સાથે સીધી ચર્ચા કરવી તેમજ સંસ્થાની શૈક્ષણિક ગુણવત્તા સુધારણા માટે વાલીઓના મૂલ્યવાન સૂચનો મેળવવાનો હતો. કાર્યક્રમનું આયોજન કૉલેજના આચાર્યશ્રી ડૉ. મેહુલ મિસ્ત્રી,આઇ.ક્યુ.એ.સી. કૉ—ઓર્ડીનેટર ડૉ. ધવલ શર્મા અને વર્ગશિક્ષકશ્રીઓના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓના વાલીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન વાલીઓએ પોતાના સંતાનોના અભ્યાસ, હાજરી અને સર્વાંગી વિકાસ અંગે શિક્ષકગણ સાથે ચર્ચા કરી હતી. આ કાર્યક્રમમાં શિક્ષકગણ દ્વારા વાલીઓને વિદ્યાર્થીઓની શૈક્ષણિક પ્રગતિ વિશે વિગતવાર માહિતી આપવામાં આવી હતી તેમજ વાલીઓના સૂચનોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના સફળ આયોજન બદલ સંસ્થાના સેક્રેટરીશ્રી શીતલ પટેલ તેમજ તમામ ટ્રસ્ટીશ્રીઓ અને સ્પેક મેનેજમેન્ટ દ્વારા શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

સેવા થી નેતૃત્વ તરફ

શિક્ષણ મંત્રી રિવાબા જાડેજાની ઉપસ્થિતિમાં કર્ણાવતી યુનિવર્સિટીમાં NSS વાર્ષિક સમારોહ ભવ્ય રીતે યોજાયો

કમલમ્,

કર્ણાવતી યુનિવર્સિટીમાં નેશનલ સર્વિસ સ્કીમ (NSS) નો વાર્ષિક સમારોહ ઉત્સાહભેર અને ગૌરવપૂર્ણ વાતાવરણમાં યોજાયો, જેમાં ગુજરાત રાજ્યના માનનીય શિક્ષણ મંત્રી શ્રીમતી રિવાબા જાડેજા મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા. કાર્યક્રમમાં યુનિવર્સિટીના આદરણીય પ્રમુખ શ્રી રિતેશ હાડા સાહેબ, NSS રિજનલ ડિરેક્ટર ડૉ. કમલ કુમાર કર સાહેબ તથા શ્રી દીપક તેરૈયા સાહેબની ગૌરવપૂર્ણ હાજરી રહી. કાર્યક્રમ દરમિયાન NSS સ્વયંસેવકોની સમાજ સેવા, નેતૃત્વ ક્ષમતા અને રાષ્ટ્રપ્રેમની ભાવનાને સન્માનિત કરવામાં આવી. યુવાનોમાં સેવા દ્વારા નેતૃત્વ વિકસાવવાનો સંદેશ સમગ્ર કાર્યક્રમ દરમિયાન પ્રતિબિંબિત થયો. NSS નો મૂળ મંત્ર "NO Me, But You" ની ભાવનાએ કાર્યક્રમને વિશેષ અર્થ આપ્યો. કર્ણાવતી યુનિવર્સિટીના રજિસ્ટ્રાર ડૉ. તારિક અલી સૈયદ સાહેબના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમનું સફળ આયોજન થયું. પ્રોગ્રામ કોઓર્ડિનેટર અંજલી પટેલ દ્વારા સમગ્ર કાર્યક્રમ માટે અસરકારક મેન્ટરશિપ અને સંકલન આપવામાં આવ્યું. કાર્યક્રમનું આકર્ષક સંચાલન રીવા વાલા અને ફાલ્ગુની રામચંદાની દ્વારા કરવામાં આવ્યું. સમારોહ દરમિયાન ઉત્કૃષ્ટ કામગીરી બદલ NSS સ્વયંસેવકોને સન્માનિત કરવામાં આવ્યા અને તમામ પુરસ્કાર વિજેતાઓને હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા. આ કાર્યક્રમે યુવાનોમાં સેવા, જવાબદારી અને રાષ્ટ્ર નિર્માણ માટે નવી પ્રેરણા જગાવી હતી.

વલસાડમાં પ્રેરણાદાયક ઘટના, મૃત્યુ બાદ દેહદાનથી જીવનદાન

અશોકભાઈ ખત્રીના દેહદાનથી માનવતાનું ઉદાહરણ

કમલમ્, વલસાડ,

વલસાડ જિલ્લામાં એક પ્રેરણાદાયક માનવસેવાનો પ્રસંગ સામે આવ્યો છે, જેમાં સેવાભાવી અશોકભાઈ ખત્રી (ઉંમર ૭૨ વર્ષ)ના અવસાન બાદ તેમના પરિવારજનો દ્વારા ચક્ષુદાન અને દેહદાનનું કાર્ય કરી સમાજને ઉત્તમ સંદેશ આપવામાં આવ્યો છે. મૂળ પુણેના કપડાના વેપારી અને નિવૃત્ત જીવન વલસાડમાં વિતાવતા અશોકભાઈ ખત્રી અને તેમની ધર્મપત્ની મંજુબેન દ્વારા અગાઉથી જ ઉમિયા સોશિયલ ટ્રસ્ટ મારફતે દેહદાનનો સંકલ્પ લેવાયો હતો. ટૂંકી માંદગી બાદ હોસ્પિટલમાં તેમના અવસાન બાદ તેમના પુત્ર પ્રશાંતભાઈએ આ સંકલ્પને સાકાર કરવા માટે આગળ આવી તાત્કાલિક પગલાં લીધા હતા. પ્રશાંતભાઈ દ્વારા પાડોશી અશ્વિનભાઈને જાણ કરવામાં આવતા તેમણે ઉમિયા સોશિયલ ટ્રસ્ટનો સંપર્ક કર્યો. ટ્રસ્ટની ટીમે ઝડપી કાર્યવાહી કરી ઈંદ્રજ સાથે સંકલન કરીને ડોક્ટરોની ટીમ દ્વારા ચક્ષુદાન કરવામાં આવ્યું. આ પછી વાઘલધરા સ્થિત આરએમડી આયુર્વેદ કોલેજ અને હોસ્પિટલમાં ડૉ. યોગેશભાઈ અને ડૉ. સ્વાતિબેનના માર્ગદર્શન હેઠળ દેહદાન સ્વીકારવામાં આવ્યું. આ પ્રસંગે હોસ્પિટલના વિદ્યાર્થીઓએ શ્રદ્ધાંજલિ આપી પ્રાર્થના કરી હતી. આ સમગ્ર પ્રક્રિયા દ્વારા અશોકભાઈ ખત્રીના પરિવારે મૃત્યુને મહોત્સવમાં ફેરવી સમાજમાં માનવસેવાનો જીવંત ઉદાહરણ પૂરું પાડ્યું છે. ઉમિયા સોશિયલ ટ્રસ્ટ દ્વારા આ કાર્યમાં સહયોગ આપનાર તમામનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો છે.

સ્પેક એમ.એસ.સી આઈ.ટી. બાકરોલ દ્વારા વાલી મિટિંગનું આયોજન કરાયું.

કમલમ્,

તિરૂપતિ ફાઉન્ડેશન ટ્રસ્ટ સંચાલિત સરદાર પટેલ એજ્યુકેશન કેમ્પસ (SPEC) સ્થિત સરદાર પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ એપ્લાયડ સાયન્સ, બાકરોલ ખાતે વાલી મિટિંગનું આયોજન કરાયું. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ વાલી પોતાના પાલ્યની પ્રગતિથી વાકેફ થાય તે હતો. આ કાર્યક્રમમાં વાલીઓએ સૌપ્રથમ અધ્યાપકો સાથે ચર્ચા કરીને પોતાના પાલ્યની પ્રગતિની માહિતી મેળવી હતી. ત્યારબાદ વાલીઓએ સંસ્થાના વિકાસ માટે પોતાના સૂચનો આપ્યા હતા. વાલી મિટિંગના અંતે સૌ વાલી મિત્રોને અલ્પાહાર કરાવીને કાર્યક્રમની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી. વાલી મિટિંગનું આયોજન હાઈબ્રીડ મોડ (ઓફ લાઈન અને ઓન લાઈન) માધ્યમ પર કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં વાલીઓ જોડાયા હતા. આ કાર્યક્રમનું આયોજન કૉલેજના આચાર્યશ્રી ડો. મુકુંદચંદ્ર ઠાકુર (આચાર્ય), આઈ.ક્યૂ.એ.સી. (IQAC) કો—ઓર્ડીનેટર નમ્રતા જોષી તથા એમ.એસ.સી આઈ.ટી સ્ટાફના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનાં સફળ આયોજન બદલ સંસ્થાના સેક્રેટરીશ્રી શીતલ પટેલ તેમજ તમામ ટ્રસ્ટીશ્રીઓ અને સ્પેક મેનેજમેન્ટ દ્વારા શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

પુત્ર ગુમાવ્યો, પણ ત્રણ જીવ બચાવ્યા

પિતાની સંમતિથી સિવિલ હોસ્પિટલમાં ૨૩૩મું અંગદાન"

ભાવનગરના ૨૨ વર્ષીય બ્રેઇનડેડ યુવાનના એક લીવર અને બે કિડનીનું દાન – દુઃખ વચ્ચે માનવતાનું અનોખું ઉદાહરણ

કમલમ્,

અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં વધુ એક ભાવુક અને પ્રેરણાદાયી અંગદાનની ઘટના સામે આવી છે, જેમાં પિતાએ પોતાના યુવાન પુત્રને ગુમાવ્યાના દુઃખ વચ્ચે પણ તેના અંગો દાન કરીને ત્રણ લોકોને નવજીવન આપવાનો મહાન નિર્ણય લીધો છે. ભાવનગર ખાતે રહેતા ૨૨ વર્ષીય હિરેનભાઈ પ્રવીણભાઈ કંટારીયાને ૨૭ માર્ચ, ૨૦૨૬ના રોજ બાઈક અકસ્માતમાં માથાના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી. પ્રાથમિક સારવાર બાદ તેમને વધુ સારવાર માટે ૨૮ માર્ચે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. સારવાર દરમ્યાન ૩૦ માર્ચે તબીબોએ તેમને બ્રેઈન ડેડ જાહેર કર્યા હતા. આ દુખદ પરિસ્થિતિમાં સિવિલ હોસ્પિટલની અંગદાન ટીમના ડૉ. નિમેશ દેસાઈ અને ડૉ. મોહિત ચંપાવત દ્વારા પરિવારને અંગદાન અંગે સમજાવવામાં આવ્યું. પોતાના પુત્રને ગુમાવ્યાના ગાઢ દુઃખ વચ્ચે પિતા પ્રવીણભાઈએ માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડતા અંગદાન માટે સંમતિ આપી. આ નિર્ણયના પરિણામે એક લીવર અને બે કિડનીનું સફળ દાન પ્રાપ્ત થયું છે, જેનાથી ત્રણ જરૂરિયાતમંદ દર્દીઓને નવું જીવન મળશે. આ તમામ પ્રત્યારોપણ સિવિલ મેડિસિટી કેમ્પસની કિડની હોસ્પિટલમાં જ કરવામાં આવશે. સિવિલ હોસ્પિટલ, અમદાવાદના મેડિકલ સુપરિન્ટેન્ડન્ટ ડૉ. રાકેશ જોષીએ જણાવ્યું કે, આ સાથે હોસ્પિટલમાં કુલ ૨૩૩ અંગદાન પૂર્ણ થયા છે, જેમાંથી અત્યાર સુધીમાં ૭૭૦ અંગોનું દાન મળ્યું છે. આ ઉપરાંત ૧૯૨ ચક્ષુ અને ૪૧ ચામડીના દાન સાથે કુલ ૧૦૦૩ અંગો અને પેશીઓનું દાન મેળવવામાં આવ્યું છે.

વ્યારામાં લાયન હાર્ટ ગ્રુપે દ્વારા બિનવારસી મૃતદેહના અંતિમ સંસ્કાર કરી કોમી એકતા દર્શાવી

કમલમ્, રાકેશ વાળા

સેવાકીય કાર્યોમાં અગ્રેસર રહેતા વ્યારાના લાયન હાર્ટ ગ્રુપ દ્વારા આજે માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડવામાં આવ્યું છે. સિવિલ હોસ્પિટલ ખાતે એક અજાણ્યા ઈસમનું અવસાન થતા અને તેના કોઈ સગા-સંબંધી ન હોવાની જાણ થતા, ગ્રુપના અધ્યક્ષ રાજુભાઈ જાદવ અને તેમની ટીમે તાત્કાલિક જવાબદારી ઉપાડી હતી. હનુમાન જન્મોત્સવના પવિત્ર દિવસે, લાયન હાર્ટ ગ્રુપના હિન્દુ અને મુસ્લિમ સભ્યોએ સાથે મળીને આ અજાણ્યા ઈસમની હિન્દુ શાસ્ત્રોક્ત વિધિ મુજબ અંતિમ યાત્રા કાઢી અગ્નિસંસ્કાર કર્યા હતા. તહેવારના દિવસે કોમી એકતા સાથે અજાણ્યાને સન્માનપૂર્વક વિદાય આપી ગ્રુપે 'સેવા એ જ પરમો ધર્મ'ના સૂત્રને સાર્થક કર્યું છે. સ્થાનિકોએ આ સેવાકીય કાર્યને મુક્ત કંઠે બિરદાવ્યું છે.

સ્પેક- એસ પી સી એ એમ, બાકરોલમાં "કરિયર મેન્ટોરિંગ સેશન"નું આયોજન કરાયું



કમલમ્,

તિરૂપતિ ફાઉન્ડેશન ટ્રસ્ટ સંચાલિત સરદાર પટેલ એજ્યુકેશન કેમ્પસ (સ્પેક) સ્થિત સરદાર પટેલ કોલેજ ઓફ એડમિનિસ્ટ્રેશન એન્ડ મેનેજમેન્ટ, બાકરોલમાં ત્રીજા વર્ષના વિદ્યાર્થીઓ માટે કરિયર મેન્ટોરિંગ સેશનનું નું આયોજન કરવામાં આવ્યું હતું. આ આયોજનનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને વિદેશમાં ચાલતા જુદા જુદા કોર્સ વિષે માહિતગાર કરવાનો હતો. કાર્યક્રમનું આયોજન કોલેજના આચાર્યશ્રી ડો. સુયોગ ઉપાસની, આઈ.ક્યુ.એ.સી. કો—ઓર્ડીનેટર ડો. કલ્પેશ ગોહિલ અને કાર્યક્રમ કો—ઓર્ડીનેટર જીગેશ મહેતા, વિભૂતિ ભોઈ અને હિરેન દરજીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. આ સેશન દરમિયાન અંકુર પટેલે (મેનેજિંગ ડિરેક્ટર, એરીસ ઓવરસીઝ) વિદ્યાર્થીઓને વૈશ્વિક સ્તરે સફળ કારકિર્દી બનાવવા માટે જરૂરી માર્ગદર્શન અને પ્રેરણા આપી હતી. એરીસ ઓવરસીઝના અન્ય અધિકારીઓ અને પ્રતિનિધિઓ પણ આ કાર્યક્રમાં ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમનાં સફળ આયોજન બદલ સંસ્થાના સેક્રેટરીશ્રી શીતલ પટેલ તેમજ તમામ ટ્રસ્ટીશ્રીઓ અને સ્પેક મેનેજમેન્ટ દ્વારા શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીની અધ્યક્ષતામાં ટાઉનહોલ ખાતે ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાન (IITE) નો આઠમો દીક્ષાંત સમારોહ સંપન્ન

માનવ અને અન્ય જીવો વચ્ચેનો ભેદ માત્ર શિક્ષણ જ સ્પષ્ટ કરી શકે છે:રાજયપાલશ્રી આચાર્ય દેવવ્રતજી

શિક્ષક એ માત્ર વ્યવસાય નહીં, રાષ્ટ્ર નિર્માણનો પવિત્ર ‘કર્મમાર્ગ’ છે.:શિક્ષણ મંત્રીશ્રી પ્રદ્યુમન વાજા

કમલમ્, ગાંધીનગર

રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના અધ્યક્ષસ્થાને ગાંધીનગરના ટાઉનહોલ ખાતે ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાન(IITE)ના આઠમા દીક્ષાંત સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. સમારોહમાં આઈ.આઈ.ટી.ઈ.ના કુલાધિપતિ તથા ગુજરાતના રાજયપાલ શ્રી આચાર્યદેવવ્રતજીએ શિક્ષણ અને સંસ્કારોના સમન્વયપર ભાર મૂકતા જણાવ્યુંહતુંકે, વિશ્વવિદ્યાલયો માટે ’પદવીદાન’ શબ્દ કરતાં ’દીક્ષાંત’ શબ્દ વધુ ગરિમાપૂર્ણ છે. શિક્ષણ સંસ્થાઓમાં વિદ્યાર્થી વર્ષો સુધી તપસ્યા અને પરિશ્રમ કરેછે, ત્યારે તેનેઆપવામાંઆવતું સન્માનએ ’દાન’ નથી પરંતુ તેની સાધનાની ’દીક્ષા’ છે. દીક્ષાંત શબ્દથી દીક્ષિત છાત્રો અને ગુણની પ્રતિષ્ઠા વધેછે. રાજયપાલશ્રીએ શિક્ષક અને પ્રશિક્ષણ સંસ્થાઓના મહત્વવિશે વાત કરતા જણાવ્યું હતું કે,શિક્ષણ જ એક એવું માધ્યમ છે જે મનુષ્ય અને અન્ય જીવ-જંતુઓ વચ્ચે ભેદ ઉત્પન્ન કરેછે. અન્યપ્રાણીઓ પાસે માત્ર સ્વાભાવિક જ્ઞાન હોય છે, જ્યારે મનુષ્ય ગુરુના માધ્યમથી ’નૈમિત્તિક જ્ઞાન’પ્રાપ્ત કરીનેપ્રકૃતિના આનંદનેઅનુરૂપ સૃષ્ટિના સર્જનમાં સહયોગી બનેછે. ભારતના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની દીર્ઘદ્રષ્ટિનો ઉલ્લેખ કરતા રાજયપાલશ્રીએ કહ્યું કે, ગુજરાતમાં વિશ્વની પ્રથમ ’ચિલ્ડ્રન યુનિવર્સિટી’ની સ્થાપના પાછળ ઋષિઓની સંસ્કાર પરંપરા રહેલી છે. ગર્ભાધાન સંસ્કારથી લઈ અંતિમ સંસ્કાર સુધીના ૧૬ સંસ્કારોની ભઠ્ઠીમાં તપીનેબાળક કુંદનબનેછે. તેમણે આધુનિક વિજ્ઞાનના ઉદાહરણો ટાંકીને સમજાવ્યું કે બાળક ગર્ભમાં હોય ત્યારથી જ શ્રવણ અને સંવેદનાઓ ગ્રહણ કરવાનું શરૂ કરી દે છે. માતા-પિતા અને આચાર્યએ બાળકના ખરા નિર્માતા છે. ગુરુને કુંભાર સાથે સરખાવતા રાજયપાલશ્રીએ ઉમેર્યું હતું કે, બાળક કાચી માટી સમાન છે અને ગુરુ તેને શ્રેષ્ઠ આકાર આપવાની ક્ષમતા ધરાવે છે. જ્યારે રાષ્ટ્રમાં સકારાત્મક વિચાર અને મજબૂત ઈચ્છાશક્તિ ધરાવતુંનેતૃત્વ હોય છે, ત્યારે નક્સલવાદ અને અશાંતિ જેવી સમસ્યાઓ જડમૂળથી નાબૂદ થાય છે. દેશના ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહે માર્ચ ૨૦૨૬ સુધીમાં નક્સલવાદને સમાપ્ત કરવાનો જે લક્ષ્યાંક રાખ્યો છે, તે સુરક્ષિત અને સુખી ભારત તરફનું મહત્વનું કદમ છે. પોતાના ૩૫ વર્ષના શૈક્ષણિક અનુભવને વાગોળતા રાજયપાલશ્રીએ ભાવિ શિક્ષકોને અનુરોધ કર્યો કે, શિક્ષણ એ માત્ર વ્યવસાય નથી પરંતુ પવિત્ર મિશન છે. એક સન્નિષ્ઠ ગુરુ કોઈ વ્યક્તિને ગંદકીમાંથી બહાર કાઢી તેના જીવનને પવિત્રતા તરફ લઈ જઈ શકે છે, જે સામાજિક પરિવર્તનનું કારણબનેછે. ગુરુ દ્વારા જીવન બદલવાથી મહામાનવનું નિર્માણ થાય છે. આ પ્રસંગે રાજયપાલશ્રીએ શિક્ષણમંત્રી ડૉ. પ્રદ્યુમન વાજા, કુલપતિશ્રી અને સમગ્ર ટીમને સંસ્થાની સિદ્ધિઓ બદલ અભિનંદન પાઠવ્યા હતા અને દીક્ષિત વિદ્યાર્થીઓને ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી. ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાન (IITE) ના પદવીદાન સમારોહમાં શિક્ષણ મંત્રીશ્રીએ નવસ્નાતકોને સંબોધતા જણાવ્યુંકે, શિક્ષકએ માત્ર વ્યવસાય નથી પરંતુ રાષ્ટ્રનિર્માણનો પવિત્ર ’કર્મમાર્ગ’છે. આજેમળેલી ડિગ્રીએ પરિશ્રમ અને ગુરુજનોના આશીર્વાદનું ફળ છે. વડાપ્રધાનશ્રીના દ્રષ્ટિકોણને સાંકળી તેમણે જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૧૦માં શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિશ્વને ઉત્તમ શિક્ષકો આપવાના વિઝન સાથે આઈ.આઈ.ટી.ઈ.ની સ્થાપના કરી હતી, જે આજે ૧૫ વર્ષે વટવૃક્ષ બની છે. સંસ્થાએ રૂ.૧ કરોડના ખર્ચે ૧૨ સંશોધન પ્રોજેક્ટ પૂર્ણ કર્યા છે અને ૯૫% વિદ્યાર્થીઓએ પ્લેસમેન્ટ મેળવ્યું છે. આ વર્ષે ૩૦થી વધુ વિદ્યાર્થીઓએ NET-GSET પરીક્ષા પાસ કરી રાજ્યનું ગૌરવ વધાર્યું છે. આગામી સમયમાં આઈ.આઈ.ટી.ઈ. દ્વારા રમતગમત, કલા અને દિવ્યાંગ બાળકોના વિશેષ શિક્ષણ માટેપણ નિષ્ણાત શિક્ષકો તૈયાર કરવામાં આવશે તેમ પણ મંત્રીશ્રીએ જણાવ્યું હતું. શિક્ષકની ભૂમિકા સ્પષ્ટ કરતા મંત્રીશ્રીએ ઉમેર્યું કે, વિશ્વને ’યુદ્ધ તરફથી બુદ્ધ તરફ’ લઈ જવાની જવાબદારી શિક્ષકોની છે. શિક્ષણ એ માત્ર માહિતી આપવાનું સાધન નથી, પણ માનવતા પ્રગટ કરવાનો માર્ગ છે. અંતે મંત્રીશ્રીએ ’શિક્ષક કભી સાધારણ નહીં હોતા’ તેમ જણાવી તમામ નવસ્નાતકોને ઉજ્જવળ ભવિષ્યની શુભેચ્છાઓ પાઠવી હતી. સમારોહમાં કુલપતિ ડૉ. મુકેશ પટેલે સ્વાગત પ્રવચન કરતા કહ્યું હતું કે, આજનો સમય આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો છે પરંતુએ.આઈ. માત્ર ઈન્ફોર્મ કરી શકે છે, તે ટ્રાન્સફોર્મ ન કરી શકે. સમાજને ટ્રાન્સફોર્મ કરનાર એ શિક્ષક વર્ગ છે અને આઈ.આઈ.ટી.ઈ.એ શિક્ષકોનું ઘડતર કરી રહ્યુંછે. આ સાથે તેમણે યુનિવર્સીટીને "નેશનલ ઈમ્પોર્ટન્ટ ઈન્સ્ટિટ્યૂટ" બનાવવાના પ્રધાનમંત્રીશ્રીના વિઝનને સાકાર કરતા વિવિધ મલ્ટી ડિસિપ્લિનરી કોર્સઅને શાળાઓના નિર્માણસાથે આઈ.આઈ.ટી.ઈ. વૈશ્વિક સ્તરે વિવિધ ક્ષેત્રે શ્રેષ્ઠ શિક્ષકો આપશે તેવી અભ્યર્થના વ્યક્ત કરી હતી. દીક્ષાંત સમારોહ પ્રસંગે પ્રખર ભાગવત કથાકાર ભાઈશ્રી રમેશભાઈ ઓઝા દ્વારા વિડીયો સંદેશ પાઠવી પદવી મેળવનાર વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવવામાં આવી હતી. રાજ્યપાલશ્રીના હસ્તે વિવિધ વિષયોના પ્રથમથી તૃતીય ક્રમમાં ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓને પદવી એનાયત કરવામાં આવી હતી. આ પ્રસંગે નમો માતૃભૂમિ મિશન શારદામ હેઠળ આઈ.આઈ.ટી.ઈ. યુનિવર્સિટીના શિક્ષક ગણ અને સંશોધનકર્તાઓ દ્વારા તૈયાર કરવામાં આવેલા ૬ રિસર્ચ પ્રોજેક્ટ ગુજરાત સરકારને અર્પણ કરી તે સંશોધનોની સાર પુસ્તિકાનું અનાવરણ કરવામાં આવ્યું હતું. ટાઉનહોલ ખાતેથી યુનિવર્સિટીના કુલ ૨૨૩ વિદ્યાર્થીઓને આજરોજ પદવી એનાયત કરવામાં આવી હતી. જેમાં બી.એસસી.-બી.એડ. વિષયના - ૮૦, બી.એ.-બી.એડ.વિષયના ૬૦, એમ.એસસી.-એમ.એડ વિષયના ૪૯, એમ.એ.-એમ.એડ. વિષયના ૦૬, બી.એડ.-એમ.એડ. વિષયના ૧૩, બી.એડ. વિષયના ૦૧, અને પીએચ.ડી.ના ૧૪ વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે ડીન જયનાબેન જોશી, રજીસ્ટ્રાર શ્રી ડૉ.અનિલભાઈ વર્મા સહિત વિવિધ યુનિવર્સિટીના કુલપતિઓ, શિક્ષકગણ અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

વડોદરા કિક બોકસર્સનો ખેલો ઈન્ડિયા નેશનલ ચેમ્પિયનશિપ ૨૦૨૬માં અસાધારણ સિદ્ધિ

૪ ગોલ્ડ અને ૨ સિલ્વર જીતી વડોદરા અને ગુજરાત માટે ગૌરવ વધાર્યું

કમલમ્, વડોદરા

વડોદરા જિલ્લાની આઠ મહિલા કિકબોક્સએ ‘વુમેન્સ ખેલો ઈન્ડિયા નેશનલ કિકબોક્સિંગ ચેમ્પિયનશિપ’ ૨૦૨૬માં ઉત્કૃષ્ટ પ્રદર્શનઆપીનેવડોદરા શહેર અને ગુજરાત માટે ગૌરવ વધાર્યું છે. WAKO ઈન્ડિયા કિકબોક્સિંગ ફેડરેશનના માર્ગદર્શન હેઠળ, યુવા બાબતો અને રમતગમત મંત્રાલય અને ભારતીય રમતગમત દ્વારા આયોજિત આ ચેમ્પિયનશિપ ૧૫૦ શહેરોમાં રાષ્ટ્રવ્યાપી સ્પર્ધા યોજાઈ હતી. ઝોનલ લીગ્સ મારફતે કડક પસંદગીની પ્રક્રિયા બાદ, રાષ્ટ્રીય ફાઈનલ્સ ગત તા.૨૪ થી ૨૯ માર્ચ સુધી તામિલનાડુમાં યોજાઈ હતી. વડોદરા જિલ્લાની મહિલા કિકબોક્સએ અસાધારણ કુશળતા અને નિશ્ચય બતાવી, કુલ છ પદક જીતી લીધા હતા. જેમાં ચાર ગોલ્ડ અને બેસિલ્વરના પદક જીત્યા હતા. ગોલ્ડ પદક વિજેતાઓમાં ખુશી પંચાલ, પાવની દાયાલ, કાવ્યા જાડેજાઅને દિનક્લ ગોરખા શામેલ છે. જ્યારે મનસ્વી સાલુજા અને ઈશિતા ગાંધી સિલ્વર પદક જીત્યા હતા. શહેરની સિદ્ધિમાં ઉમેરો કરતા આકાશ ચાવને ઈવેન્ટ માટે રેફરી તરીકે પસંદ કરવામાં આવ્યા હતા. ખેલાડીઓને તાલીમ કોચ રાવી વાંઝારા અને આદિત્ય પરમાર દ્વારા આપવામાં આવ્યુંહતું. જ્યારે સ્પર્ધા બાબતે સમગ્ર માર્ગદર્શન કોચ દિયા ત્રિવેદી પાસેથી મળ્યું હતું. વિજેતાઓને ઈન્ડિયા સ્પોર્ટ્સ ઓથોરિટી દ્વારા નાણાકીય ઈનામ આપવામાં આવશે તથા કિકબોક્સિંગ એસોસિએશનના પ્રમુખ અને SFC ના સ્થાપક સિદ્ધાર્થ ભાલેગરે ટીમને તેમની પ્રશંસનીય કામગીરી માટે અભિનંદન પાઠવી ઉચ્ચ સ્તરે સફળતા માટે શુભકામનાઓ આપી હતી.

બાંટવા ખાતે યોગ શિબિરમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો

કમલમ્, જૂનાગઢ

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા શ્રી શિશપાલજીના માર્ગદર્શન હેઠળ બાંટવા ગામની કન્યા વિનય મંદિર, માણાવદર રોડ જીઈબી ઓફિસ સામે બાંટવા ખાતે યોગ સંવાદ અને યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ પ્રસંગે ઝોન કોઓર્ડીનેટર ચેતનાબેન ગજેરા, જિલ્લા કોઓર્ડીનેટર જયંતિ કાછડીયા તેમજ યોગ કોચ જીજ્ઞાબેન રામાણી ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વિદ્યાર્થીઓને આવતા મહિનામાં યોજાનારા સમર કેમ્પ માટે પ્રોત્સાહિત કર્યા હતા. તેમજ તા. ૨૧ જૂનના આંતરરાષ્ટ્રીય યોગ દિવસ અંગે માહિતી આપી હતી. આ કાર્યક્રમ દરમિયાન યોગ દ્વારા જીવનમાં પોઝિટિવિટી કેવી રીતે લાવી શકાય તે અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સાથે સાથે વિવિધ યોગ આસનો અને એક્ટિવિટીઓ દ્વારા વિદ્યાર્થીઓને પ્રાયોગિક તાલીમ આપવામાં આવી હતી.જેનાથી વિદ્યાર્થીઓમાં ખાસ ઉત્સાહ અને ઉર્જા જોવા મળી હતી.

૪૫મી ગુજરાત સ્ટેટ શોટગન ચેમ્પિયનશિપમાં સાવલી તાલુકાના રાઈફલ એસોસિએશન શૂટર્સનો ઉત્કૃષ્ટ દેખાવ

કમલમ્, વડોદરા

ગાંધીનગર ખાતે યોજાયેલી ૪૫મી ગુજરાત સ્ટેટ શોટગન શૂટિંગ સ્પર્ધામાં સાવલી તાલુકા રાઈફલ એસોસિએશન (STRA)ના શૂટર્સે વિવિધ કેટેગરીમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી સંસ્થાનું નામ ગૌરવપૂર્ણ બનાવ્યું છે. ટ્રેપ શૂટિંગ સ્પર્ધામાં ઈશિત દોશીએ દ્વઈ મેન્સઓપન કેટેગરીમાં ગોલ્ડ મેડલ મેળવી ગુજરાતની સૌથી જૂની રોટેટિંગ ટ્રોફી પોતાના નામે કરી. ઉદય અમીને NR માસ્ટર મેન્સ કેટેગરીમાં ગોલ્ડ મેડલ મેળવ્યો. આર્યન સિંહે ISSF જુનિયર મેન્સ તથા ISSF મેન્સ ઓપન બંને કેટેગરીમાં ગોલ્ડ મેડલ મેળવી પ્રતિષ્ઠિત રોટેટિંગ ટ્રોફી જીતી. યશાયા કોન્ટ્રાક્ટરે ISSF જુનિયર વિમેન તથા ISSF વિમેન ઓપન કેટેગરીમાં ડબલ ગોલ્ડ મેડલ મેળવી શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું. ડબલ ટ્રેપ સ્પર્ધામાં યશાયા કોન્ટ્રાક્ટરે વધુ બે ગોલ્ડ મેડલ જીત્યા, જ્યારે કશ્યપ ઝાલાએ NR માસ્ટર મેન્સ કેટેગરીમાં બ્રોન્ઝ મેડલ મેળવ્યો. સ્કીટ શૂટિંગમાં જતીન પટેલે NR સિનિયર માસ્ટર કેટેગરીમાં ગોલ્ડ મેડલ મેળવી સિદ્ધિ હાંસલ કરેલ છે.આ સ્પર્ધામાં ચીફ રેન્જ ઓફિસર તરીકે સેવા આપનાર મેહુલ પટેલને તેમના યોગદાન બદલ સન્માનિત કરવામાં આવ્યા. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે વાસમશેટ્ટી રવિ તેજા, IPS તેમજ અતિથિ વિશેષ તરીકે ચાર વખત ના ઓલમ્પીયન શ્રીમનશેર સિંગ, આચાર્યશ્રી ઘનશ્યામજી વ્યાસ ઉપસ્થિત રહી ખેલાડીઓને પ્રોત્સાહિત કર્યા હતા. STRA ના સચિવ ઈશ્વર સિંહે શૂટર્સના સમર્પણ અને મહેનતની પ્રશંસા કરી હતી અને આ સફળતા માટે NRAI, GSRA તથા જિલ્લા મેજિસ્ટ્રેટ અને પોલીસ કમિશનર, વડોદરા સહિતના સહયોગી સંસ્થાઓના સમર્થનને મહત્વપૂર્ણ ગણાવ્યું હતું. STRAના પ્રમુખ રાજકુમારી જ્ઞાનેશ્વરી સિંહે પણ ખેલાડીઓના પ્રદર્શનને બિરદાવ્યું અને મહિલા શૂટર્સની વધતી ભાગીદારીને પ્રોત્સાહિત કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.આ સિદ્ધિથી જિલ્લામાં રમતગમત ક્ષેત્રે વધુ પ્રોત્સાહન મળશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી છે.

નૂતન મેડિકલ કોલેજ એન્ડ રિસર્ચ સેન્ટર (NMCRC), વિસનગર દ્વારા ૨૦૨૦-૨૧ બેચના સ્મ્મ્જી વિદ્યાર્થીઓનો પદવીદાન સમારોહ સાંકળચંદ પટેલ યુનિવર્સિટી ખાતે ભવ્ય રીતે ઉજવાયો

કમલમ્, વિસનગર,

ગૌરવ અને વ્યાવસાયિક ઉજ્જવળ ભવિષ્યના આશાવાદ સાથે, સાંકળચંદ પટેલ યુનિવર્સિટી (SPU) જેવી NAAC'A' ગ્રેડ યુનિવર્સિટીની સંલગ્ન સંસ્થા એવી નૂતન મેડિકલ કોલેજ એન્ડ રિસર્ચ સેન્ટર (NMCRC) દ્વારા ૩૧ માર્ચ ૨૦૨૬ની સાંજે MBBS બેચ ૨૦૨૦-૨૧ના પદવીદાન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. યુનિવર્સિટીના પ્રતિષ્ઠિત 'ઓપન એર થિયેટર' ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં ૧૫૩ સ્નાતકોને તેમની પદવી એનાયત કરવામાં આવી હતી, જે તેમના વિદ્યાર્થીકાળથી તબીબી વ્યવસાયી તરીકેના નવા પ્રવાસની શરૂઆત દર્શાવે છે. આ સમારોહમાં તબીબી ક્ષેત્રના અનેક દિગ્ગજ મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના મુખ્ય અતિથિ અને ગુજરાત મેડિકલ કાઉન્સિલ (GMC) ના પ્રમુખ ડો. નીતિન વોરાએ પ્રેરણાદાયી પ્રવચન આપતા નવનિર્મિત તબીબોને તબીબી શ્રેષ્ઠતાની સાથે ઊંડી માનવીય સંવેદના અને સહાનુભૂતિ જાળવી રાખવા અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે અતિથિ વિશેષ તરીકે IMA હેડક્વાર્ટરના નેશનલ પ્રેસિડેન્ટ ડો. અનિલ નાયક અને IMA-GSB ના પ્રમુખ ડો. અનિલ પટેલ ઉપસ્થિત રહ્યા હતા, જેમણે ભારતના બદલાતા હેલ્થકેર ક્ષેત્ર વિશે પોતાના મંતવ્યો રજૂ કર્યા હતા. સાંકળચંદ પટેલ યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ શ્રી પ્રકાશભાઈ પટેલે સ્નાતકોની મક્કમતા અને ધૈર્યને બિરદાવતા જણાવ્યું હતું કે આ બેચ ગુજરાતના હેલ્થકેર ઇન્ફ્રાસ્ટ્રક્ચરના ભવિષ્યનું પ્રતિનિધિત્વ કરે છે. યુનિવર્સિટીના પ્રોવોસ્ટ પ્રો. (ડો.) પી. એમ. ઉદાણી અને NMCRC ના ડીન ડો. વિજયસિંહ બઘેલ દ્વારા સંસ્થાની વિશ્વસ્તરીય મેડિકલ પ્રોફેશનલ્સ તૈયાર કરવાની પ્રતિબદ્ધતા પર ભાર મૂકવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં સ્નાતક થયેલા વિદ્યાર્થીઓના વાલીઓ, પરિવારજનો અને ફેકલ્ટી મેમ્બરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ઓપન એર થિયેટરનું વાતાવરણ ત્યારે અત્યંત ઉત્સાહપૂર્ણ બની ગયું જ્યારે વિદ્યાર્થીઓએ હવામાં 'કેપ ઉછાળી' (Tossing of the Caps) વર્ષોના સખત અભ્યાસ અને ક્લિનિકલ રોટેશનના સફળ સમાપનની ઉજવણી કરી. આ સમારોહ દ્વારા સાંકળચંદ પટેલ યુનિવર્સિટીએ પ્રદેશમાં તબીબી શિક્ષણ અને સંશોધન માટેના મુખ્ય કેન્દ્ર તરીકે પોતાનું સ્થાન વધુ મજબૂત કર્યું છે. ૨૦૨૦-૨૧ની આ MBBS બેચે અદ્ભૂત સમર્પણ બતાવ્યું છે, અને અમને વિશ્વાસ છે કે તેઓ દેશની સેવા પૂરા સન્માન સાથે કરશે.

માર્ગ અકસ્માત પીડિતો માટે આશીર્વાદરૂપ બનતી કેન્દ્ર સરકારની 'PM-RAHAT યોજના'

અકસ્માત બાદ 'ગોલ્ડન અવર' માં રૂ. ૧.૫ લાખ સુધીની કેશલેસ સારવાર મળશે: સારવારનો તમામ ખર્ચ સરકાર ભોગવશે

કમલમ્, સુરેન્દ્રનગર

કેન્દ્ર સરકાર દ્વારા માર્ગ અકસ્માતનો ભોગ બનેલા નાગરિકોને સમયસર અને નિઃશુલ્ક સારવાર મળી રહે તેવા ઉમદા આશયથી 'PM-RAHAT' એટલે કે 'Prime Minister's Road Accident Victims' Hospitalisation & Assured Treatment' યોજના અમલમાં મૂકવામાં આવી છે. આ યોજનાનું અસરકારક અમલીકરણ ગુજરાત સરકાર દ્વારા અત્યંત ગંભીરતાપૂર્વક શરૂ કરી દેવામાં આવ્યું છે. આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય અકસ્માત બાદના પ્રથમ કલાક એટલે કે 'ગોલ્ડન અવર'માં પીડિતને તાત્કાલિક સારવાર આપી તેમનો કિંમતી જીવ બચાવવાનો છે. સામાન્ય રીતે ઘણીવાર નાણાંના અભાવે અથવા હોસ્પિટલની વહીવટી પ્રક્રિયામાં વિલંબ થવાને કારણે અકસ્માત પીડિતો સમયસર સારવાર ન મળતા જીવ ગુમાવતા હોય છે, પરંતુ હવે આ યોજનાના આગમનથી સારવાર માટે પૈસાનો અભાવ ક્યારેય અવરોધ બનશે નહીં. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દ્રષ્ટિવંત નેતૃત્વમાં કેન્દ્ર સરકાર દ્વારા દેશના સામાન્ય નાગરિકની સુખાકારી અને સુરક્ષાને હંમેશા સર્વોચ્ચ પ્રાથમિકતા આપવામાં આવી છે. વડાપ્રધાનશ્રીનો અભિગમ 'સેવા પરમો ધર્મ' અને 'અંત્યોદય'ના મંત્ર પર આધારિત છે, જેમાં છેવાડાના માનવી સુધી આધુનિક આરોગ્ય સેવાઓ સરળતાથી અને વિનામૂલ્યે પહોંચે તેવો મક્કમ સંકલ્પ રહેલો છે. PM-RAHAT યોજના એ તેમના એ જ સંવેદનશીલ વિઝનનું પરિણામ છે કે, દેશમાં કોઈપણ વ્યક્તિ અકસ્માત જેવી આકસ્મિક પરિસ્થિતિમાં માત્ર આર્થિક કારણોસર જીવ ન ગુમાવે. તેમણે હંમેશા આધુનિક ટેકનોલોજી અને પારદર્શક વ્યવસ્થા પર ભાર મૂક્યો છે, જેના ભાગરૂપે 'e-DAR' પોર્ટલ જેવી ડિજિટલ પ્રણાલીઓ વિકસાવવામાં આવી છે જેથી પીડિતોને ઝડપી ન્યાય અને ત્વરિત કેશલેસ સારવાર મળી રહે તે સુનિશ્ચિત કરી શકાયું છે. ગુજરાતમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના મૃદુ અને મક્કમ નેતૃત્વ હેઠળ કેન્દ્ર સરકારની આ કલ્યાણકારી યોજનાઓનું પાયાના સ્તરે અસરકારક અમલીકરણ થઈ રહ્યું છે. મુખ્યમંત્રીશ્રીએ રાજ્યમાં માર્ગ સુરક્ષા અને આરોગ્ય માળખાને વધુ સુદ્રઢ બનાવવા માટે વિશેષ માર્ગદર્શન પૂરું પાડ્યું છે. ગુજરાત સરકાર દ્વારા PM-RAHAT યોજનાને રાજ્યની આરોગ્ય સેવાઓ સાથે સંકલિત કરી, ૧૦૮ એમ્બ્યુલન્સ સેવા અને સરકારી તેમજ ખાનગી હોસ્પિટલોના જાળને વધુ કાર્યક્ષમ બનાવવામાં આવ્યો છે. શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર એ બાબત સુનિશ્ચિત કરી રહી છે કે, યોજનાના નાણાકીય લાભો કોઈપણ વહીવટી વિલંબ વગર સીધા હોસ્પિટલોને મળી રહે અને પીડિત નાગરિકોને કોઈપણ પ્રકારના ખર્ચના બોજ વગર શ્રેષ્ઠ કક્ષાની સારવાર ઉપલબ્ધ થાય. આ યોજનાની કાર્યપદ્ધતિ અને વ્યાપ વિશે વાત કરીએ તો, આ હેઠળ અકસ્માત પીડિત વ્યક્તિને દેશભરની કોઈપણ નિર્ધારિત હોસ્પિટલમાં અકસ્માત થયાના ૭ દિવસ સુધી સંપૂર્ણ મફત અને કેશલેસ સારવાર પૂરી પાડવામાં આવે છે. આ સારવાર માટે પ્રતિ વ્યક્તિ મહત્તમ રૂ. ૧.૫ લાખ સુધીની મર્યાદા નિર્ધારિત કરવામાં આવી છે. જો પીડિતને નજીકની બિન-નિર્ધારિત હોસ્પિટલમાં લઈ જવામાં આવે, તો ત્યાં પણ તેમને જોખમમાંથી બહાર લાવવા માટે જરૂરી તાત્કાલિક 'સ્ટેબિલાઈઝેશન સારવાર' વિનામૂલ્યે આપવામાં આવે છે.

આ યોજનાનો લાભ દેશના કોઈપણ માર્ગ અકસ્માત પીડિતને મળી શકે છે, પછી ભલે તે કોઈપણ રાજ્યનો રહેવાસી હોય. યોજનાની પ્રક્રિયા મુજબ, અકસ્માતની જાણ ૧૧૨ નંબર પર થતાની સાથે જ એમ્બ્યુલન્સ પીડિતને નજીકની હોસ્પિટલ પહોંચાડે છે. ત્યારબાદ પોલીસ દ્વારા ૨૪ કલાકની અંદર 'e-DAR' પોર્ટલ પર 'Victim ID' જનરેટ કરવામાં આવે છે, જેને હોસ્પિટલ દ્વારા 'TMS' (Transaction Management System) સાથે લિંક કરી ત્વરિત કેશલેસ સારવાર શરૂ કરી દેવામાં આવે છે. ખર્ચની ચુકવણી અને નાગરિક સુરક્ષા અંગેની વ્યવસ્થા પણ અત્યંત પારદર્શક રાખવામાં આવી છે. જો અકસ્માતમાં સામેલ વાહન વીમો ધરાવતું હોય, તો સારવારનો સંપૂર્ણ ખર્ચ વીમા કંપની દ્વારા ભોગવવામાં આવે છે. પરંતુ જો વાહન વીમો ન ધરાવતું હોય અથવા અકસ્માત 'હિટ એન્ડ રન' નો કેસ હોય, તો તેવા કિસ્સામાં જિલ્લા કલેક્ટર દ્વારા 'મોટર વ્હીકલ અકસ્માત ફંડ' માંથી હોસ્પિટલને સીધી ચુકવણી કરવામાં આવે છે, જેથી પીડિત પરિવાર પર આર્થિક ભારણ આવતું નથી. વધુમાં, સરકાર દ્વારા અકસ્માત પીડિતોની મદદ કરનાર નાગરિકો માટે 'ગુડ સેમેરિટન' (નેક વ્યક્તિ) પ્રોત્સાહન યોજના પણ કાર્યરત છે. જો કોઈ જાગૃત નાગરિક અકસ્માત પીડિતને ગોલ્ડન અવરમાં હોસ્પિટલ પહોંચાડી મદદ કરે છે, તો તેને સરકાર તરફથી રૂ. ૨૫,૦૦૦ સુધીનો પુરસ્કાર આપવામાં આવે છે અને સાથે જ તેમને કોઈપણ પ્રકારની પોલીસ કાર્યવાહી કે કાયદાકીય પૂછપરછમાંથી રક્ષણ આપવામાં આવે છે. આમ, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના સંયુક્ત પ્રયાસોથી PM-RAHAT યોજના આજે માર્ગ અકસ્માતના સમયે નાગરિકો માટે ખરા અર્થમાં રક્ષણ કવચ સાબિત થઈ રહી છે.

નકલી ડોક્ટરો અને લેભાગુ તત્વો સામે રાજ્ય સરકાર લાલઘૂમ

આચારસંહિતા બાદ કડક કાયદો લાવવાની આરોગ્યમંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાની જાહેરાત

તમે ફરિયાદ આપો, અમે ચોક્કસ કાર્યવાહી કરીશું. જેની પાસે ડિગ્રી નથી, તેને લોકોના આરોગ્ય સાથે ચેડાં કરવાનો કોઈ અધિકાર નથી. અમારો વિભાગ આ બાબતે અત્યંત ગંભીર અને પ્રયત્નશીલ છે.: પ્રફુલ પાનશેરીયા, રાજ્ય આરોગ્યમંત્રી

કમલમ્, સુરત

રાજ્યમાં આયુર્વેદના નામે લોકોના આરોગ્ય સાથે ચેડાં કરતા અને યોગ્ય ડિગ્રી વગર તબીબી પ્રેક્ટિસ કરતા તત્વો સામે હવે રાજ્ય સરકાર કડક વલણ અપનાવવા જઈ રહી છે. સુરત ખાતે આયુર્વેદિક ડોક્ટરો દ્વારા યોગગુરુ પ્રદીપ જોટંગીયા અને અન્ય નકલી ડોક્ટરો વિરુદ્ધ કરવામાં આવેલી રજૂઆત બાદ રાજ્યના આરોગ્યમંત્રી પ્રફુલ પાનશેરીયાએ ગંભીરતા દાખવી કડક કાર્યવાહીની ખાતરી આપી છે.

મુખ્ય વિગતો અને આક્ષેપો

યોગગુરુ પ્રદીપ જોટંગીયા નિશાના પર કામરેજ સ્થિત આશ્રમમાં આયુર્વેદના નામે સારવાર આપતા પ્રદીપ જોટંગીયા વિરુદ્ધ આયુર્વેદિક ડોક્ટરોએ મોરચો માંડ્યો છે. આરોપ છે કે તેઓ યોગ્ય પ્રોફેશનલ ડિગ્રી વગર મેડિકલ પ્રેક્ટિસ કરી લોકોના સ્વાસ્થ્યને જોખમમાં મૂકી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે, પ્રદીપ જોટંગીયા અગાઉ નકલી નોટના કેસમાં અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ઝડપાયા હતા અને હાલ જ્યુડિશિયલ કસ્ટડીમાં છે.

અંધશ્રદ્ધા અને જીવલેણ સારવાર:

લેભાગુ તત્વો દ્વારા શરીરમાં સોય ભોંકવી અને દોરા-ધાગા જેવી અંધશ્રદ્ધા ફેલાવી સારવાર કરવાના વીડિયો સામે આવ્યા છે. આવા કિસ્સાઓમાં દર્દીઓના મૃત્યુ થયા હોવાની ઘટનાઓ પણ નોંધાઈ છે.

આરોગ્યમંત્રી પ્રફુલ પાનશેરીયાએ આયુર્વેદિક ડોક્ટરોની રજૂઆતને ગંભીરતાથી લેતા જણાવ્યું હતું કે:

કડક કાયદાની અમલવારી:

રાજ્ય સરકાર આગામી સમયમાં નકલી ડોક્ટરો સામે કડક કાયદો લાવી રહી છે. બજેટ સત્ર દરમિયાન આ અંગેના કાયદામાં જરૂરી સુધારા કરવામાં આવશે.

આચારસંહિતા બાદ એક્શન:

હાલમાં ચૂંટણી આચારસંહિતા અમલી હોવાથી, તે પૂર્ણ થતાની સાથે જ આવા તત્વો સામે તપાસ અને કડક ડ્રાઈવ શરૂ કરવામાં આવશે.

ફરજિયાત રજીસ્ટ્રેશન:

તમામ આયુર્વેદિક ડોક્ટરોએ ફરજિયાતપણે નોંધણી (Registration) કરાવવી પડશે. જે લેભાગુ તત્વો પાસે ડિગ્રી કે રજીસ્ટ્રેશન નથી, તેમને બિલકુલ ચલાવી લેવામાં આવશે નહીં.

જનતાને અપીલ:

મંત્રીશ્રી પ્રફુલ પાનશેરીયાએ લોકોને અપીલ કરી છે કે અંધશ્રદ્ધામાં ન ફસાવું. સર્પ ડંખ જેવી ગંભીર સ્થિતિમાં હોસ્પિટલમાં જ સારવાર લેવી અને માત્ર ડિગ્રી તથા લાયકાત ધરાવતા ડોક્ટરો પાસે જ જવું.

સુરેન્દ્રનગર ખાતે GST સેવા કેન્દ્રનો પ્રારંભ: કરદાતાઓ માટે નોંધણી પ્રક્રિયા બનશે વધુ સરળ અને ઝડપી

આધાર ઓથેન્ટિકેશન અને દસ્તાવેજ ચકાસણી માટે હવે રાજકોટ જવાની જરૂર રહેશે નહીં

કમલમ્, સુરેન્દ્રનગર

સુરેન્દ્રનગર જિલ્લાના વેપારીઓ, ઉદ્યોગકારો અને સામાન્ય જનતા માટે GST નોંધણીની પ્રક્રિયાને વધુ સુગમ, પારદર્શક અને સમયસર પૂર્ણ કરવાના હેતુથી રાજ્ય સરકાર દ્વારા મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. જે અંતર્ગત સુરેન્દ્રનગર ખાતે અદ્યતન 'GST સેવા કેન્દ્ર' GSKની શરૂઆત કરવામાં આવી રહી છે. આ કેન્દ્રના માધ્યમથી નવા નોંધણી કરાવનાર કરદાતાઓના દસ્તાવેજોની ચકાસણી અને આધાર ઓથેન્ટિકેશન જેવી કામગીરી સ્થાનિક સ્તરે જ પૂર્ણ કરી શકાશે. આ GST સેવા કેન્દ્ર 'સહાયક રાજ્ય વેરા કમિશનરશ્રીની કચેરી, ઘટક-૭૯, ગ્રાઉન્ડ ફ્લોર, કલેક્ટર કચેરી કમ્પાઉન્ડ, સુરેન્દ્રનગર' ખાતે આગામી તા. ૦૧/૦૪/૨૦૨૬ થી કાર્યરત થશે. કરદાતાઓ માટે આ સુવિધા દર અઠવાડિયે મંગળવાર અને બુધવારે સવારે ૧૦:૩૦ થી સાંજના ૬:૧૦ કલાક દરમિયાન ઉપલબ્ધ રહેશે. GST નોંધણી માટે ઓનલાઈન અરજી કરનાર અરજદારોએ ખાસ નોંધ લેવી કે, હાલ પૂરતું સિસ્ટમ મુજબ સ્લોટ સિલેક્શનમાં "Rajko" દર્શાવવામાં આવી શકે છે. તેમ છતાં, સુરેન્દ્રનગર જિલ્લાના અરજદારોએ આધાર ઓથેન્ટિકેશન તથા અસલ દસ્તાવેજ ચકાસણી માટે રાજકોટ જવાને બદલે નિર્ધારિત દિવસોએ મંગળવાર અને બુધવાર સુરેન્દ્રનગર સ્થિત આ સેવા કેન્દ્ર પર જ હાજર રહેવાનું રહેશે. આ નવીન વ્યવસ્થાનો મુખ્ય ઉદ્દેશ્ય નોંધણી પ્રક્રિયામાં થતો વિલંબ ટાળવાનો અને ખોટી નોંધણીઓ અટકાવવાનો છે. ઓનલાઈન અરજી બાદ કરદાતાઓના અસલ દસ્તાવેજોની સ્થળ પર જ ત્વરિત ચકાસણી કરવામાં આવશે, જેથી વેપારીઓને બિનજરૂરી સમયનો વ્યય ન થાય અને તેમની નોંધણી પ્રક્રિયા વહેલી તકે પૂર્ણ થઈ શકે. આ સુવિધા દ્વારા જિલ્લાના વેપારીઓ અને ઉદ્યોગ જગતને સીધું માર્ગદર્શન અને વહીવટી સહાય પ્રાપ્ત થશે. વહીવટી તંત્ર દ્વારા તમામ પાત્ર વ્યક્તિઓ અને નવા કરદાતાઓને આ સેવાનો મહત્તમ લાભ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

સોલા સિવિલ હોસ્પિટલમાં CSR દ્વારા પ્રાપ્ત થયેલા ૫૫ લાખના આધુનિક તબીબી સાધનોનું લોકાર્પણ કરાયું

અત્યાધુનિક તબીબી સાધનો દર્દીઓનું નિદાન અને સારવાર ઝડપી બનાવવા સાથે સર્જરી દરમિયાન સલામતીમાં વધારો કરશે

ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશન લિમિટેડ દ્વારા ઝજીઇ પ્રવૃત્તિ અંતર્ગત એનેસ્થેશિયા વર્કસ્ટેશન અને ડિજિટલ મોબાઇલ એક્સ-રે મશીન એનાયત કરાયા

કમલમ્,

જી.એમ.ઈ.આર.એસ (GMERS) મેડીકલ કોલેજ સંલગ્ન સિવિલ હોસ્પિટલ સોલા, અમદાવાદ ખાતે જનસેવાનું એક મહત્વપૂર્ણ કાર્ય સંપન્ન થયુ હતું. ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશન લિમિટેડ (IOCL), અમદાવાદ દ્વારા તેમની કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી (CSR) એક્ટીવિટિ અંતર્ગત કુલ ૫૫.૦૦ લાખની કિંમતના અત્યાધુનિક તબીબી સાધનો સંસ્થાને અર્પણ કરવામાં આવ્યા છે. આ સાધનોનું લોકાર્પણ ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશન લિમિટેડના ઉચ્ચ અધિકારીઓના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે હોસ્પિટલના વહીવટી અધિકારીઓ અને તબીબી સ્ટાફ પણ ઉપસ્થિત રહ્યો હતો. હોસ્પિટલને પ્રાપ્ત થયેલા આધુનિક એનેસ્થેશિયા વર્કસ્ટેશન અને ડિજિટલ મોબાઈલ એક્સ-રે મશીન દર્દીઓનું નિદાન અને સારવાર ઝડપી બનાવવા સાથે સર્જરી દરમિયાન સલામતીમાં વધારો કરશે. અત્રે ઉલ્લેખનીય છે કે, એનેસ્થેશિયા વર્કસ્ટેશનમાં સંકલિત એનેસ્થેશિયા ગેસ મશીન હોય છે, જે જટિલ સર્જરી દરમિયાન ઈન્હેલેશન એનેસ્થેટિક્સ અને વેન્ટિલેશનનું સચોટ સંચાલન કરે છે. આ સાથે જ તે દર્દીના મહત્વપૂર્ણ શારીરિક સંકેતોનું (Vital Signs) વ્યાપક મોનીટરીંગ પ્રદાન કરે છે, જે ઓપરેશન દરમિયાન સલામતીમાં વધારો કરશે. ડિજિટલ મોબાઈલ એક્સ-રે મશીન એક પોર્ટેબલ મશીન હોય છે, જેના દ્વારા ગંભીર રીતે બીમાર, દિવ્યાંગ અથવા વૃદ્ધ દર્દીઓને એક્સ-રે રૂમ સુધી ખસેડવાની જરૂર રહેતી નથી. સ્થળ પર જ નિદાન કરી શકાય છે. આ મશીન દ્વારા ICUs, ઈમરજન્સી રૂમ અને વોર્ડમાં દર્દીના બેડ પાસે જ હાઈ-રિઝોલ્યુશન ઈમેજિંગ શક્ય બનશે. ઝડપી રિપોર્ટિંગ મશીનને સરળતાથી ખસેડી શકાતું હોવાથી તાત્કાલિક રિપોર્ટ મળશે, જેના આધારે તબીબો ઝડપથી સારવાર શરૂ કરી શકશે.

ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જગદીશભાઈ વિશ્વકર્માની અધ્યક્ષતામાં કર્ણાવતી મહાનગર ખાતે ઉત્તર ઝોનના ભાજપાના પદાધિકારીઓની બેઠક યોજાઈ

માત્ર ચુંટણી ટાણે જ બહાર આવતા વિપક્ષ દ્વારા માત્ર મત લેવા માટે ફેલાવાતા અપપ્રચાર, ભ્રામક વાતો અને ખોટા નરેટિવ સામે નાગરિકોને સાચી અને સચોટ માહિતી થી અવગત કરાવવા સોશીયલ મીડિયાના પ્રભાવી ઉપયોગ અંગે કાર્યકર્તાઓને માર્ગદર્શિત કરતા શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા

ભાજપા પાસે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી તેમજ કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહનું વિઝનરી અને સામર્થ્યવાન નેતૃત્વ અને વિશ્વની સૌથી મોટી રાજકીય પાર્ટીના રૂપમાં કાર્યકર્તાઓની વિશાળ ફોજ છે-શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા

કમલમ્, ઈકબાલ મેમણ

ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જગદીશભાઈ વિશ્વકર્માની અધ્યક્ષતામાં કર્ણાવતી મહાનગર ખાતે ઉત્તર ઝોનના ભાજપાના પદાધિકારીઓની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ તેમના સંબોધનમાં જણાવ્યું હતુ કે, ભાજપાનો પ્રત્યેક કાર્યકર્તા 'રાષ્ટ્રપ્રથમ'ના વિચાર અને 'ચરૈવેતી, ચરૈવેતી'ની ભાવનાને સમર્પિત થઈ સતત કાર્યરત રહે છે. ભાજપા પાસે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી તેમજ કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહનું વિઝનરી અને સામર્થ્યવાન નેતૃત્વ અને વિશ્વની સૌથી મોટી રાજકીય પાર્ટીના રૂપમાં કાર્યકર્તાઓની વિશાળ ફોજ છે. ભાજપાનો કાર્યકર્તા અંત્યોદય અને એકાત્મ માનવદર્શનના વિચારને વરેલો કાર્યકર્તા છે. તેમણે આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના અનુસંધાને ભાજપા આગેવાનો અને કાર્યકરોને વિકાસના મંત્ર સાથે પ્રત્યેક બૂથમાં વિજયના લક્ષ્યાંક સાથે સંપર્ક અને સંવાદના માધ્યમથી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના વડપણ હેઠળની કેન્દ્ર તથા મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની રાજ્ય સરકારની મહિલાઓ, ખેડૂતો, યુવાનો, સિનિયર સિટીઝન સહિત તમામ વર્ગો માટે કાર્યરત વિવિધ યોજનાઓ, સર્વાંગી વિકાસ માટે કરાયેલી અભૂતપૂર્વ કામગીરી તેમજ દેશની સુરક્ષા અને સનાતન સંસ્કૃતિને ગૌરવ અપાવવા શ્રી મોદીજીએ લીધેલા પગલાં સહિતની માહિતી પ્રત્યેક નાગરિક સુધી પહોંચાડવા આહ્વાન કર્યું હતું. તેમણે કહ્યું કે, અન્ય પક્ષોની જેમ ભાજપાનો કાર્યકર્તા માત્ર ચુંટણી ટાણે જ નહિ પણ સતત જનતાની વચ્ચે હોય છે. શ્રી વિશ્વકર્માએ માત્ર ચુંટણી ટાણે જ બહાર આવતા વિપક્ષ દ્વારા સોશીયલ મીડીયાના ઉપયોગથી માત્ર મત લેવા માટે ફેલાવાતા અપપ્રચાર, ભ્રામક વાતો અને ખોટા નરેટિવ સામે નાગરિકોને સાચી અને સચોટ માહિતી થી અવગત કરાવવા સોશીયલ મીડિયાના પ્રભાવી ઉપયોગ અંગે કાર્યકર્તાઓને માર્ગદર્શિત કર્યા હતા. સરકારની જનકલ્યાણની કામગીરી તેમજ કાર્યકર્તાઓના પરિશ્રમ અને મજબૂત ટીમવર્કથી આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં પ્રચંડ જનાદેશ સાથે ભાજપાના ભવ્ય વિજયનો તેમણે આત્મવિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

પ્રદેશ ચુંટણી સંચાલન સમિતિના સંયોજક શ્રી શ્રી ગોરધનભાઈ ઝડફીયાએ ચુંટણી વ્યવસ્થા સંદર્ભે જિલ્લા, મંડલ તથા બુથ સ્તર સુધી સુનિયોજિત અને સુદ્રઢ સંગઠન વ્યવસ્થા અંગે માર્ગદર્શન આપ્યું હતું. આજની આ ઉત્તર ઝોનની પદાધિકારી બેઠકમાં પ્રદેશ મહામંત્રીશ્રી અનિરુદ્ધભાઈ દવે, ઉત્તર ઝોન પ્રભારીશ્રી અને પ્રદેશ મહામંત્રીશ્રી અજયભાઈ બ્રહ્મભટ્ટ, પ્રદેશ ચૂંટણી સંચાલન સમિતિના સંયોજક શ્રી ગોરધનભાઈ ઝડફીયા, પ્રદેશ કોર ગ્રુપના સભ્ય શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, પ્રદેશ ચૂંટણી સંચાલન સમિતિના સભ્ય શ્રી મનીષભાઈ પટેલ, ઝોનના વિવિધ જિલ્લા અને મહાનગરના ભાજપા સંગઠનના પદાધિકારીઓ, સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, જિલ્લા/મહાનગરના ચુંટણી સંચાલન સમિતિના સભ્યો, આગેવાનો તથા અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. આ બેઠકમાં ઉત્તર ઝોન પ્રભારીશ્રી અને પ્રદેશ મહામંત્રીશ્રી અજયભાઈ બ્રહ્મભટ્ટે પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું. કર્ણાવતી મહાનગર ભાજપા અધ્યક્ષશ્રી પ્રેરકભાઈ શાહે સ્વાગત પ્રવચન તેમજ અમદાવાદ જિલ્લા ભાજપા અધ્યક્ષશ્રી શૈલેષભાઈ દાવડાએ આભાર વિધિ અને શ્રી મનીષભાઈ પટેલે બેઠક સંચાલન કર્યું હતું.

કાર્યકર્તાઓના પરિશ્રમ અને મજબૂત ટીમવર્કથી આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં પ્રચંડ જનાદેશ સાથે ભાજપાના ભવ્ય વિજયનો આત્મવિશ્વાસ વ્યક્ત કરતા શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા

•Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. •Printed At :-Capital Offset Plot No L 801/1, Gidc, Sector -28, Gandhinagar •Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028